



Monday, 10 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૩૬ ● સંવત-૨૦૮૨ અષાઢ વદ બારસ/તેરસ ● Web: www.vartmanpravah.com
vartmanpravah @VartmanPravahD




સફળતાની કથાઓ વાંચશો નહીં, તમને ફક્ત સંદેશ મળશે. નિષ્ફળતા વાર્તાઓ વાંચો, તમને સફળતા મેળવવા માટે કેટલાક વિચારો મળશે. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

# બુધવારથી દમણ-મરવડની નમો હોસ્પિટલનો કાર્યારંભઃ દમણ સહિત આજુબાજુ વિસ્તારના લોકોને મળનારી અદ્યતન નિષ્ણાત આરોગ્ય સુવિધા



## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદ અને પ્રશાસક પ્રફુલભાઈ પટેલની દિવ્ય દીર્ઘદૃષ્ટિના કારણે સફળ બનેલું મરવડ હોસ્પિટલનું નવસર્જન

**ભૂતકાળમાં દમણ સ્મગલિંગના ધંધામાં વગોવાયું હતું અને દારૂમાં પણ બદનામ થયું હતું દમણના જે તે સમયના મશહૂર સ્મગલર શુકર નારાયણ બખિયા કે લલ્લુ જોગી અને મોટા મોટા લીકર બેરલ્સોને પણ દમણમાં તે સમયે જાહોજલાલીનું વાતાવરણ હોવા છતાં પણ ક્યારેય અદ્યતન હોસ્પિટલ શરૂ કરવાનો વિચાર સુધ્ધાં નહિ આવ્યો હતોઃ જો તે સમયે કોઈકે દીર્ઘદૃષ્ટિ વાપરી પોતાની ઈચ્છાશક્તિ ધરાવી હોત તો આજે દમણને અદ્યતન હોસ્પિટલની સાથે નિર્માણ કરનારાઓ પણ ચિરંજીવી બની શક્યા હોત**



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૯

આગામી ૧૨મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ દમણના મરવડ ખાતે સરકારી હોસ્પિટલ નમો હોસ્પિટલ-દમણનો કાર્યારંભ થવા જઈ રહ્યો છે. આ હોસ્પિટલના પ્રારંભથી દમણ સહિત આજુબાજુ વિસ્તારના લોકોને એક છતના નીચે વિશ્વ સ્તરની સુવિધાઓ મળશે. આ હોસ્પિટલના નવસર્જન અને કાર્યાન્વયન માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદ અને સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની દિવ્ય દીર્ઘદૃષ્ટિને આભારી છે. કારણ કે, ભૂતકાળમાં દમણ સ્મગલિંગના ધંધામાં વગોવાયું હતું અને દારૂમાં પણ બદનામ થયું હતું. દમણના જે તે સમયના મશહૂર સ્મગલર શુકર નારાયણ બખિયા કે લલ્લુ જોગી અને મોટા મોટા લીકર બેરલ્સોને પણ ક્યારેય અદ્યતન હોસ્પિટલ શરૂ કરવાનો વિચાર સુધ્ધાં નહિ આવી શક્યો. કારણ કે, જે તે સમયે દમણમાં જાહોજલાલીનું વાતાવરણ હતું. જો તે સમયે કોઈકે દીર્ઘદૃષ્ટિ વાપરી પોતાની ઈચ્છાશક્તિ ધરાવી હોત તો આજે દમણને અદ્યતન હોસ્પિટલ તે સમયે જ મળી શકી હોત અને તે લોકો પણ ચિરંજીવી બની શક્યા હોત. પરંતુ દમણના સદ્‌ભાગ્યે કેન્દ્રમાં મોદી સરકારના ગઠન બાદ પ્રશાસક તરીકે શ્રી પ્રફુલભાઈ પટેલના થયેલા આગમનથી ફક્ત દમણ અને દીવ જ નહિ પરંતુ દાદરા નગર હવેલી સહિત સમસ્ત સંઘપ્રદેશની આરોગ્ય, શિક્ષણ, પ્રવાસનથી લઈ દરેક ક્ષેત્રે કાયાપલટ સંભવ બની છે.

આગામી બુધવારે 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' અને 'હરિયાળી અમાવસ્યા(દિવાસા)'ના પાવન દિનથી લોકોની સેવા માટે સમર્પિત બનનારી નમો હોસ્પિટલ, મરવડ-દમણ ખાતે ઓ.પી.ડી.માં દરેક રોગના નિષ્ણાત તબીબોના પરામર્શ સાથે ૨૪×૭ ઈમરજન્સી સેવાનો લાભ પણ મળશે.

દમણના મરવડ ખાતે કાર્યરત થનારી ૩૦૦ બેડની સરકારી હોસ્પિટલમાં દેશની પ્રતિષ્ઠિત ખાનગી હોસ્પિટલોના સ્તરની જાહેર આરોગ્ય સેવા મળી શકે તેવો સક્રિય પ્રયાસ સંઘપ્રદેશ પ્રશાસન દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં ઓપરેશનલ નિપૂણતા, દર્દીઓને આરામ, સ્થાનિક હવામાનના હિસાબથી મજબૂત રિસ્પોન્સ સામેલ છે.

અરબી સમુદ્રના કિનારે આવેલ આ હોસ્પિટલ સેન્ટ્રલ લેન્ડસ્કેપ વાળા આંગણની ચારેય તરફ બની છે જે હોસ્પિટલનો આત્મા છે. વોર્ડ, ડાયગ્નોસ્ટિક્સ, ટ્રોમા કેયર, ઓપરેટિંગ થિયેટર અને આ વહેંચાયેલ જગ્યાની આસપાસ સહાયક સેવાઓ ગોઠવવામાં આવેલ છે, જે દર્દીઓ, સ્ટાફ અને મુલાકાતીઓ માટે સ્પષ્ટ રસ્તો, કાર્યક્ષમ ક્લિનિકલ વર્કફલો અને કોઈપણ અવરોધ વગર આવવા-જવાની સુવિધા મળે છે.

હોસ્પિટલ કેમ્પસમાં લીમડો, આફ્રિકન મહોગની, ઈન્ડિયન ટ્યુલીપ, ફોક્સટેઈલ પામ, રોઝમેરી અને લેમન ગ્રાસથી સુસજ્જીત હરિયાળી પણ દર્દી અને તેમના સ્વજનો માટે હકારાત્મક વાતાવરણ ઉભું કરે છે.

# દીવ પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોને લઈને લોકજાગૃતિ અભિયાન યોજાયું



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૦૯

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમોના પાલન અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે આજે દીવ બ્રિજ સર્કલ ખાતે વિશેષ લોકજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.


- (વધુ પાના નં.૨ પર)

# વરસાદ બાદ શાકભાજીના ભાવમાં ભડકો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૯

ભારે વરસાદ બાદ હવે સામાન્ય લોકો માટે વધુ એક ચિંતાનો વિષય સામે આવ્યો છે. શાકભાજીના પાકને નુકસાન થયું છે અને તેની સીધી અસર શાકભાજીની આવક પર પડી રહી છે. આવક ઘટતાં બજારમાં શાકભાજીના ભાવમાં વધારો થયો છે. વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાવા સહિતની સ્થિતિ સર્જાતા કેટલાક વિસ્તારોમાં શાકભાજીના પાકને નુકસાન થયું છે. તેના કારણે બજારમાં આવક ઓછી થઈ રહી છે. બીજી તરફ પરિવહન અને મજૂરીના ખર્ચમાં વધારાની પણ શાકભાજીના ભાવ પર અસર જોવા મળી રહી છે. અગાઉ જે શાકભાજી ૪૦થી ૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતા હતા, તેના ભાવ હવે વધીને ૮૦થી ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે.

## દુઃખદ અવસાન / પ્રાર્થના સભા



**સ્વ.શ્રી હરિભાઈ કલાન બોખી**
**સ્વ.તા.–08/08/2026**

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા મોભી શ્રીમાન હરિભાઈ કલાન બોખી (ટંડેલ)નું તા. 08/08/2026ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતની પ્રાર્થના સભા તા. 12/08/2026ને બુધવારના રોજ સાંજે 4:00 થી 6:00 કલાકે અમારા નિવાસ સ્થાને કોલીમાર શેરી, દેવકા રોડ, પંજાબ બેન્કની સામે રાખેલ છે.

ગં. સ્વ. નંદીબેન હરિભાઈ બોખી (પત્ની)
દિલીપભાઈ હરિભાઈ બોખી (પુત્ર) જયશ્રીબેન દિલીપભાઈ બોખી (પુત્રવધુ)
દિપકભાઈ હરિભાઈ બોખી (પુત્ર) હેમાક્ષીબેન દિપકભાઈ બોખી (પુત્રવધુ)
કલ્પેશભાઈ હરિભાઈ બોખી (પુત્ર) પારૂલબેન કલ્પેશભાઈ બોખી (પુત્રવધુ)
અશ્વિનાબેન જગદિશ મીરીયા (પુત્રી)
વત્સલ, હરસિલ, દિયાંસુ, મીશ્રુતિ, નિધીસા, ઈશાન, દેવીસા અને
સમસ્ત બોખી પરિવાર





Exclusively focused on premium, value-added dairy products (Source: 1Lattice Report)
Diversified product categories
Manufacturing facilities equipped with advanced machinery to ensure consistent quality of products and operational efficiency

*(Among companies with revenue scale of more than ₹15,000 million) in India in terms of revenue, growing at a CAGR of 31.26% from Fiscal 2024 to Fiscal 2026. (Source: 1Lattice Report) | # As of March 31, 2026

**MILKY MIST DAIRY FOOD LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC, SEBI and the Stock Exchanges on August 4, 2026. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.milkymist.com and the websites of the BRLMs, i.e., JM Financial Limited, Axis Capital Limited and IIFL Capital Services Limited (formerly known as IIFL Securities Limited) at www.jmfl.com, https://www.axiscapital.co.in/ and www.iiflcapital.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "Risk Factors" beginning on page 23 of the RHP. Potential investors should not rely on the DRHP and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any state securities laws in the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) within the United States to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a) of the U.S. Securities Act. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and Bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction. There will be no public offering in the United States.




## સુવિચાર - સદ્વિચાર

જે વ્યક્તિ હારથી ડરતો નથી, તે જીતવાનું શીખી જાય છે,
નિષ્ફળતા એ સફળતાનો ભાગ છે.

## કવિતા

### સમજે તેને સુખ

સદા સુખિયા જગતમાં સંત
દુરિજન સદા દુઃખિયા રે
ના આવે જેને અકળામણનો અંત
મૂરખ મનના મુખિયા રે !

રુએ રાત ને દી ઓલ્યા રાંક, ભૂખે મન ભટકે રે,
વડો પૂરવ જનમનો વાંક, આજ ખરેખરો ખટકે રે...

તાલેવરને નાણાનો સંતાપ, ધખના એને ધનની રે,
મારાં નાણાંનો થઈ જાય નાશ, ઝૂરે ઈ તો ઝાઝું રે...

સુવાસણને ધણીનો સંતાપ, હુકમ એને દાડી રે
તો વિધવાનાં પૂરણ પાપ, ઉંમર ઓશિયાળી રે...

વણ પરણેલા મનમાં મૂંઝાય, ફોગટ જેવા ફરીએ રે,
તો પરણેલા પૂરણ પસ્તાય, હવે કેમ કરીએ રે!...

જેને પ્રપંચ ઉપર ઝાઝી છે પ્રીત, ઝૂરે ઈ ઝાઝું રે,
'ઋષિરાજ'ની છે આ શીખ, સમજે તેને સુખ સાચું રે...

- ઋષિરાજ

## આજની જોક

છોટુ : 'મારા દાદાનું ઘર એટલું વિશાળ હતું કે જગતના બધા જ લોકો તેમાં સમાઈ શકતા.'
મોટું : 'પણ મારા દાદા પાસે એટલો ઊંચો વાંસ હતો કે તેઓ ઈચ્છતા ત્યારે વાદળોમાં કાણું પાડી વરસાદ વરસાવતા.'
છોટુ : 'તારા દાદા એ વાંસને રાખતા ક્યાં?'
મોટું : 'કેમ વળી, તારા દાદાના મકાનમાં જ તો.'




## કબીર વાણી

**શુદ્ધ બિન સુમરન નહિ, ભાવ બિન ભજન ન હોય,**
**પારસ બિચ પરદા રહા, ક્યું લોહા કંચન હોય.**

**-અર્થાત-**

મન શુદ્ધ (નિર્મળ) થયા વિના ઈશ્વરની યાદ (સ્મરણ) થઈ શખતી નથી. જેમ પારસમણી અને લોઢાંની વચ્ચે બીજી કોઈ વસ્તુ આડી પડી હોય તો લોઢાંનું સોનું થઈ શકતું નથઈ, તેમજ ચિત્ત પરમેશ્વરપર લાગેલું નહિ હોય, અને દુનિયવી વસ્તુઓ ઉપર હોય, અને મનમાં તે વસ્તુઓના ખ્યાલો આવ્યા કરે, તો ઈશ્વરનું ભજન કેમ થાય અને ઈશ્વર કેમ દેખાય?



## ચાણક્ય ઉવાચ

**રૂપાણ યૌવનસંપન્ના વિશાલકુલસંભવાઃ ।**
**વિદ્યાહીના ન શોભન્તે નિર્ગન્ધા ઈવ કિંશુકાઃ॥**


**-અર્થાત-**

રૂપ અને યુવાની હોવા છતાં તથા ઊંચા કુળમાં જન્મવા છતાં, જો વ્યક્તિ વિદ્યા (જ્ઞાન) વગરની હોય તો તે શોભતી નથી. જેમ કેસૂડો (કિંશુક) ફૂલ સુંદર હોવા છતાં સુગંધ વગરનું હોય છે તેમ તે વ્યર્થ છે.

## આજનો દિન વિશેષ

### વી.વી. ગીરીની જન્મ જયંતિ

વિખ્યાત મજૂરનેતા અને ભારતના ચતુર્થ રાષ્ટ્રપતિ વરાહગીરી વેંકટગીરીનો જન્મ ૧૦ ઓગસ્ટ, ૧૮૯૪ ના રોજ બરહામપુર,




ઓરિસામાં તેલુગુ ભાષી નિયોગી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પિતા વી.વી. જોગય્યા પંતુલુ એક સફળ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સક્રિય કાર્યકર્તા હતા. તેમની માતા સુભદ્રાઅમ્મા અસહકારની ચળવળ અને સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન બરહામપુરમાં રાષ્ટ્રીય આંદોલનમાં સક્રીય હતા. નાગરિક અવજ્ઞા આંદોલન દરમિયાન હડતાલનું નેતૃત્ત્વ કરવા બદલ તેમની ધરપકડ કરાવામાં આવી હતી.

વકીલાત અને મજૂરસેવા તેમને પિતા તરફથી વારસામાં મળેલા. શાળાનું શિક્ષણ બરહામપુરમાં પ્રાપ્ત કર્યું. ડબલીન યુનિવર્સિટી ખાતે કાયદા-શાસ્ત્રનો અભ્યાસ કરી વતન બરહામપુરમાં વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો. નીચલા થરના લોકો માટેની કલ્યાણકારી પ્રવૃત્તિઓમાં વધુ રસ લેવા લાગ્યા. પરિણામે મજૂર-નેતા તરીકે ઊપસી આવ્યા. અસહકારની ચળવળોમાં ભાગ લઈ કારાવાસ વેઠ્યો. ૧૯૩૦ તથા ૧૯૪૬ મદ્રાસ (હાલ તામિલનાડુ) રાજયના મંત્રીમંડળમાં શ્રમમંત્રી બન્યા. શ્રીલંકા ખાતે ભારતના ઉચ્ચાયુક્ત તરીકે પણ ગયા હતા.

## આધ્યાત્મિક

**અધ્યાત્મ અને આધુનિક જીવન :** આધુનિક સભ્યતાએ જબરદસ્ત તકનીકી પ્રગતિ હાંસલ કરી છે, છતાં આંતરિક અશાંતિ વધતી જ જાય છે. ચિંતા, તણાવ, હતાશા, સરખામણી, એકલતા અને ભાવનાત્મક અસ્થિરતા લાખો લોકોને અસર કરે છે.

આજે લોકો પાસે વધુ માહિતી પણ ઓછી શાણપણ, વધુ મનોરંજન પણ ઓછી શાંતિ, વધુ સોશિયલ મીડિયા પરંતુ ઓછા વાસ્તવિક જોડાણ. અધ્યાત્મ એક કાલાતીત ઉકેલ પ્રદાન કરે છે કારણ કે તે ફક્ત બાહ્ય સફળતા પર જ નહીં, પરંતુ આંતરિક સંતુલન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે શીખવે છે, માઈન્ડફુલનેસ, ભાવનાત્મક જાગૃતિ, અતિશય ઈચ્છાઓથી અલગતા, ક્રોધ અને અહંકાર પર નિયંત્રણ, કરૂણા, વિચારની સ્પષ્ટતા, સભાન જીવન. અધ્યાત્મનો હેતુ જીવનને નકારવાનો નથી, પરંતુ જીવનને વધુ ઊંડાણપૂર્વક અને સત્યતાથી જીવવાનો છે.

# સુરત પાર્લે પોઈન્ટમાં વિજયરામચંદ્રસૂરીશ્વરજી આરાધનાભવન ખાતે સમૂહ સામાયિક આરાધનાનો અપૂર્વ માહોલ સર્જાયો

### ઉચ્ચ અભ્યાસ માટે એસ.એસ.સી. પાસ થવું જરૂરી છે, એમ વિરતિધર્મની ઊંચી આરાધના કરવા સામાયિક જરૂરી છે : વિજય પૂણ્યરક્ષિતસૂરિ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૯**

સામાયિક એટલે આત્માને સમભાવના ઝીલતો રાખવો. સુખ કે દુઃખમાં શત્રુ કે મિત્ર, માન કે અપમાન, આનંદ કે શોક, જીવન કે મરણ, લાભ કે નુકસાન આ દરેક વિરોધ બાબતમાં રાગ-દ્વેષને આધિન થયા વિના આત્માને મનને, વાણીને અને કાયાને નિયંત્રિત કરી આત્મભાવમાં સ્થિર રાખવું એ સામયિક કહેવાય છે.

સામાયિક એટલી પાપ પ્રવૃત્તિને પરિહાર(ત્યાગ) અને નિષ્પાપ પ્રવૃત્તિનું પ્રતિ સેવન (આચરણ). સર્વજીવો ઉપર સમતા, સંયમ, શુભભાવના, આર્ત-રૌદ્રધ્યાનનો પરિત્યાગ એ ખરેખર સામાયિક છે.

સામાયિક એ ધર્મ સાધનાનો પાયો છે. દુનિયાની કોઈપણ વિદ્યાશાખામાં આગળ વધવું હોય તો જેમ એસ.એસ.સી. પાસ થવું જરૂરી છે. તેમ વિરતિ ધર્મની ઊંચી આરાધના સાધવા માટે સામાયિક જરૂરી છે.

ઉપરોક્ત શબ્દો સુરત-પાર્લે પોઈન્ટ વિસ્તારમાં વિજય રામચંદ્રસુરીશ્વરજી આરાધના ભવન ખાતે ચાતુર્માસ બિરાજમાન જોશીલા પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજયપુણ્યરક્ષિતસૂરિજી મહારાજે આજરોજ અષાઢ વદ ૧૧ રવિવાર તા.૯ ઓગસ્ટના '' ચાલો પુણિયા શ્રાવક જેવી સામાયિક કરીએ'' વિષય પર રવિવારીય જાહેર પ્રવચનમાં ઉચ્ચાર્યા હતા.

પૂજયશ્રીએ આજના સામાયિક વિષયક તાત્વિક પ્રવચનમાં અમે કહ્યું હતું કે સમાયિક જો મુક્તિના લક્ષ્યપૂર્વક, પ્રભુએ બતાવેલ વિવિધના પક્ષપૂર્વક ઉપકરણોના સમ્યક ઉપયોગપૂર્વક, અધિકરણો અને દોષોના ત્યાગકરવાપૂર્વક કરાય તો સાધુ-સાધ્વી ભગવંતો જીવનભર જે આનંદ અનુભવે તેવો આસ્વાદ સામાયિકમાં રહેલ શ્રાવક શ્રાવિકા જરૂર અનુભવી શકે.

આજના આ તાત્વિક પ્રવચનમાં : ૧) સામાયિકનો મહિમા, સમાયિકના પ્રકારો ૨) સામાયિકના ચાર પ્રકારના ધર્મોની આરાધના કેવી રીતે થાય? ૩) સામાયિક આરાધના સમય ૪૮ મિનિટ શા માટે ? ૪) પ્રભુ મહાવીરના શ્રીમુખે પુણિયા શ્રાવકનું સામાયિક કેમ વખણાયું? વિગેરે વિગેરે અનેક શાસ્ત્રીય સંદર્ભો સાથે બતાવી હતી. સામાયિકના વિશિષ્ઠ સાધક પુણિયા શ્રાવકની ખુમારી-ખમીરી અને અમીરીનો દિલધડક વાત કરી હતી.

પૂજ્યશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, પ્રભુ મહાવીરની પ્રથમ નિષ્ફળ દેશના પણ એક સંદેશનું ફળ આપીને સફળ બની જ છે કે સ્વ-પરનું કલ્યાણ સર્વવિરોધધર્મની આરાધના વિના શક્ય જ નથી. વિરતિ એ છઠ્ઠા આરાને નો એન્ટ્રી છે. તીર્થનો આધાર સામાયિક છે.

આત્માને સમવાભાવના વાસિત કરીને કરવાથી ૯૨ કરોડ, ૫૯ લાખ, ૨૫ હજાર અને ૯૨૫ પલ્યોપનથી અધિક દેવલોકનું આયુષ્ય બંધાય છે.

બાકી સામાયિકનું વાસ્તવિક ફળ તો મોક્ષની પ્રાપ્તિ છે. ''રાજ્ય નરકાન્તમ્ સામાયિક મોક્ષાન્તમ્'' રાજ્ય નરકે લઈ જનારૂ છે અને સામાયિક મોક્ષે પહોંચાડનારૂ છે.

''શાસ્ત્રોમાં લખ્યું છે કે, લાખ ખાંડી સોનાતણુ, લાખ વરસ દે દાન, તોય સમાયિક તુલ્યના ભાખે શ્રી ભગવાન...''

સામાયિક મોબાઈલ અને ફોલ્ડીંગ સિદ્ધશીલા સમાન છે. આજના આ તાત્વિક જાહેર પ્રવચનમાં સામાયિક ધર્મના મહિમાની અને બાબતો બતાવીને શ્રોતાઓને સામાયિક ધર્મ પ્રત્યે અહોભાવિત કર્યા હતા. વિશાલ પ્રવચનહોલ પણ આજે સામાયિકના આધારકોથી ભરાઈ ગયો હતો.

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર -દીક્ષાયુગપ્રવર્તક ૨૦મી સદીના સુપ્રસિદ્ધ જૈનાચાર્યશ્રી વિજય રામચંદ્રસુરીશ્વરજી મહારાજાની ૩૫મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે આયોજીત ત્રિ દિવસીય ગુણાનુવાદ પ્રવચનશ્રેણીના આજના પ્રથમ દિવસે સ્વર્ગસ્થ મહાપુરુષના સંયમજીવનની અનુમોદનાર્થે આજરોજ સવારે ૯થી ૧૧ સમૂહ સામાયિકની ભવ્ય આરાધના સાથે મોક્ષનું પરમ અંગ: સમાયિક વિષયપર પ્રવચન થયું આજના સામાયિક આયોજનનો લાભ મંડાર(રાજસ્થાન) નિવાસી લેવાયેલ સર્વે શ્રોતાઓને ૧ કિલો દેશી ગોળની પ્રભાવના થયેલ.

આજે બપોરે ૩થી ૪:૩૦ 'ગુરુ મળજો તો આવા મળજો' વિષય પર સ્વર્ગસ્થ જૈનાચાર્યશ્રીના વિશિષ્ટ ગુણાનુવાદ થયેલ - શ્રી સંઘ તરફથી મીઠાઈના બોક્સની પ્રભાવના થયેલ તા. ૧૧/૧૧ ઓગસ્ટ દિને ગુણાનુવાદ પ્રવચન થશે. સુરત શહેરના વિવિધ જૈન સંઘોમાંથી ગુરુભક્તો આ ગુણાનુવાદ પ્રવચનનો ઉલ્લાસભેર લાભ લઈ રહ્યા છે.

# મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ લિમિટેડના ઈક્વિટી શેર્સનો આઈપીઓ મંગળવાર, ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ખુલશે




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સુરત, તા. ૦૯**

મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ લિમિટેડ (The "Company") તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર મંગળવાર, ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ખુલ્લી મુકશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ છે. બિડ/ઓફર ગુરુવાર, ૧૩,ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ છે. ઓછામાં ઓછા ૧૦૭ ઈક્વિટી શેર અને ત્યારબાદ તેના ૧૦૭ શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે. પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા.૧૩૩થી રૂા.૧૪૦ નક્કી કરવામાં આવ્યો છે.

આ ઓફરની કુલ સાઈઝ રૂા.૨ની ફેસ વેલ્યુ ધરાવતા [●] સુધીના ઈક્વિટી શેરની છે, જેની કુલ કિંમત રૂા.૧૫,૫૩૦.૦૦ મિલિયન સુધી રહેશે. ઓફરમાં રૂા. ૨ની ફેસ વેલ્યૂ ધરાવતા [●] સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂા. ૧૪,૨૮૦.૦૦ મિલિયન સુધીની છે. ઉપરાંત, [●]સુધીના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફરનો પણ સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂા. ૧,૨૫૦.૦૦ મિલિયન સુધીની છે. વેચાણ માટેની ઓફર હેઠળ સતીશકુમાર ટી દ્વારા રૂા. ૨ની ફેસ વેલ્યૂ ધરાવતા [●] સુધીના ઈક્વિટી શેર, જેની કુલ કિંમત રૂા. ૭૫૦.૦૦ મિલિયન સુધીની છે, તેમજ અનિતા એસ દ્વારા રૂા. ૨ની ફેસ વેલ્યૂ ધરાવતા [●] સુધીના ઈક્વિટી શેર, જેની કુલ કિંમત રૂા.૫૦૦.૦૦ મિલિયન સુધીની છે, વેચવામાં આવશે. એમ્પ્લોઈ રિઝર્વેશન હિસ્સા હેઠળ અરજી કરનારા પાત્ર કર્મચારીઓને પ્રતિ ઈક્વિટી શેર રૂા. ૧૩નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ હેઠળ ઓફર કરવામાં આવેલા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આ ઓફરના હેતુ માટે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ રહેશે.

જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ અને આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડ (અગાઉ આઈઆઈએફએલ સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે ઓળખાતી) આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દીવ પોલીસ દ્વારા...**

દીવ પોલીસ અધિક્ષક (SP) શ્રી રામ કૃષ્ણ સરનના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક સ્પેશિયલ ટીમ તેમજ પોલીસ સ્ટાફ દ્વારા બ્રિજ સર્કલ પર વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી.

આ અભિયાન દરમિયાન પોલીસે ખાસ કરીને દ્વિચક્રી ચાલકોને વાહન ચલાવતી વખતે ફરજિયાત હેલ્મેટ પહેરવા, ત્રણ કે તેથી વધુ પૈડાંવાળા વાહનચાલકોને સીટ બેલ્ટનો ઉપયોગ કરવા તેમજ દારૂ કે અન્ય નશાકારક પદાર્થોનું સેવન કરીને વાહન નહિ ચલાવવા તેમજ પુરપાટ ઝડપે વાહનો નહિ હંકારવા અંગે સમજ આપી હતી. સાથે જ માર્ગ સુરક્ષા સાથે જોડાયેલા તમામ ટ્રાફિક નિયમોનું ફરજિયાત પાલન કરવા લોકોને અપીલ કરવામાં આવી હતી.

દીવ જિલ્લા પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ટ્રાફિક નિયમોનું પાલન કરવાથી અકસ્માતોનું જોખમ ઘટાડી શકાય છે અને અમૂલ્ય માનવજીવન બચાવી શકાય છે. ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન અનેક વખત ગંભીર અકસ્માતો અને જાનહાનિનું કારણ બન્યા છે. દીવ પોલીસ વિભાગે લોકોને અપીલ કરી છે કે, પોતાની તેમજ અન્ય લોકોની સુરક્ષા માટે ટ્રાફિક નિયમોનું કડકાઈથી પાલન કરે, સાવચેતીપૂર્વક વાહન ચલાવે અને અકસ્માતોથી બચવા માટે જવાબદાર નાગરિક તરીકે માર્ગ સુરક્ષામાં સહયોગ આપે.

વર્તમાન પ્રવાહ

નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:

દિપક સોલંકી - 98796 87316

# વાપી છીરીની જ્ઞાન ગંગા સ્કૂલ ખાતે ટ્રાફિક જાગરૂક્તા કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૯**




વાપી છીરીમાં આવેલ જ્ઞાન ગંગા ઇંગ્લિશ મીડિયમ હાઇસ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગ સલામતીના મહત્વ અને રસ્તાઓ પર જવાબદાર વર્તન વિશે શિક્ષિત કરવા માટે ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન વાપી સહેર ટ્રાફિક પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રીમતી ડી.વી.કાનાણી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ટ્રાફિક સલામતીના વિવિધ પાસાઓ પર માર્ગદર્શન આપ્યું હતું. જેમાં ટ્રાફિક નિયમોનું પાલન, હેલ્મેટ અને સીટ બેલ્ટ પહેરવા, રાહદારીઓ ક્રોસિંગનો ઉપયોગ કરવો, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોન ટાળવો અને જવાબદાર માર્ગ વર્તનનું મહત્વ સમજવું શામેલ છે.

ઈન્ટરેક્ટિવ સત્રાથી વિદ્યાર્થીઓને સમજવામાં મદદ મળી કે માર્ગ સલામતી એક સહિયારી જવાબદારી છે અને ટ્રાફિક નિયમોનું પાલન કરવાથી કિંમતી જીવન બચી શકે છે. વિદ્યાર્થીઓએ ધ્યાનથી સાંભળ્યું અને કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો.

અંતમાં શાળા ચેરમેન સંદિપભાઈ આર.પટેલે, શાળાના આચાર્ય સુનિલ નાયરે અને શાળા પરિવારે પોતાની વ્યસ્તતામાંથી સમય કાઢી શાળાના બાળકો માટે આ માહિતીપ્રદ અને મૂલ્યવાન જાગૃતિ કાર્યક્રમ યોજવા બદલ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રીમતી ડી.વી.કાનાણી અને વાપી શહેર ટ્રાફિક પોલીસ સ્ટેશનનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ પહેલ વિદ્યાર્થીઓમાં જવાબદાર, સતર્ક અને સલામતી પ્રત્યે સભાન નાગરિકો બનાવવા તરફ એક અર્થપૂર્ણ પગલું હોવાનું જણાવવામાં આવ્યું હતું.

## સાપુતારા નજીક નોંધાયું કેન્દ્રબિંદુ

# દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે ભૂકંપના આંચકા અનુભવાયા



### પ્રથમ આંચકો રાત્રે ૧૦ કલાકે ૩.૬ની તીવ્રતાનો નોંધાયો

**(સંપૂર્ણ સમાચાર સેવા) સાપુતારા, તા.૦૯**

દક્ષિણ ગુજરાતમાં ભૂકંપના બે અલગ-અલગ આંચકા અનુભવાયા હતા.

પ્રથમ આંચકો રાત્રે ૧૦ કલાકે ૩.૬ની તીવ્રતાનો નોંધાયો હતો, જેનું કેન્દ્રબિંદુ સાપુતારાથી ૧૪ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં આવેલું હતું. ત્યારબાદ રવિવારે વહેલી સવારે ૫ વાગ્યાને ૩૩ મિનિટે સાપુતારા નજીક ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર આ બીજા આંચકાની તીવ્રતા ૨.૯ નોંધાઈ હતી અને જમીનથી ૬.૭ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયેલું આ કેન્દ્રબિંદુ દક્ષિણ ગુજરાત નજીક મહારાષ્ટ્ર વિસ્તારમાં આવેલું હતું.

મળતી માહિતી મુજબ, દક્ષિણ ગુજરાતમાં રાત્રે ૧૦:૦૦ વાગ્યાના સુમારે ૩.૬ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ આંચકાનું કેન્દ્રબિંદુ પ્રખ્યાત પ્રવાસન સ્થળ સાપુતારાથી ૧૪ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં નોંધાયું હતું.

વહેલી સવારે પણ સાપુતારા નજીક ભૂકંપનો બીજો આંચકો નોંધાયો હતો. રવિવારે સવારે ૫:૩૩ વાગ્યે ભૂકંપનો આંચકો આવ્યો હતો, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૯ નોંધાઈ હતી. સિસ્મોલોજી વિભાગના જણાવ્યા અનુસાર, સવારના આ ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી ૬.૭ કિલોમીટરની ઊંડાઈએ સાપુતારાથી ૧૪ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમે મહારાષ્ટ્ર સરહદના વિસ્તારમાં સ્થિત હતું. અલગ-અલગ સમયે અનુભવાયેલા આ આંચકાઓને કારણે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

જોકે, રાહતની વાત એ છે કે આ ભૂકંપના કારણે કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

# મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડતી લોકશક્તિ એક્સપ્રેસ ટ્રેનને મહેસાણા-વડનગર સુધી લંબાવવાનો પ્રસ્તાવ મંજુર થયો







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

પશ્ચિમ રેલવે દ્વારા હાલમાં દોડી રહેલ લોકશક્તિ એક્સપ્રેસ મુંબઈ અમદાવાદ વચ્ચે દોડે છે. આ ટ્રેનને મહેસાણા-વિસનગર-વડનગર સુધી લંબાવવાના પ્રસ્તાવને મંજુર કરવામાં આવ્યો છે. વાપી, વલસાડ, સુરતમાં વસતા ખાસ કરીને મહેસાણા જિલ્લા લોકો માટે આ ટ્રેન આશિર્વાદરૂપ પુરવાર થશે.

લોકશક્તિ એક્સપ્રેસ ટ્રેન નં.૨૨૯૨૭ અત્યારે બાંદ્રા ટર્મિનલથી અમદાવાદ સુધી દોડે છે. બાંદ્રા મુંબઈથી સાંજે ૭:૪૦ કલાકે ઉપડીને અમદાવાદ મળસ્કે ૪: ૨૦ કલાકે પહોંચે છે. આ ટ્રેનને મહેસાણા-વિસનગર-વડનગર સુધી લંબાવવાનો પ્રસ્તાવ મંજુર થઈ ગયો છે. રેલવે બોર્ડ મંજુર કરશે ત્યારબાદ લોકશક્તિ ટ્રેન મુંબઈથી વડનગર સુધી દોડશે.

મહેસાણાના સાંસદ શ્રી હરિભાઈ પટેલના પ્રયત્નો સફળ થયા છે. આ ટ્રેન ખાસ કરીને ઉત્તર ગુજરાતના વાપી, સુરત, વલસાડમાં વસતા લોકો માટે ખુબ આશીર્વાદ રૂપ પુરવાર થશે. વતનમાં આવવા જવા માટે લોકશક્તિ એક્સપ્રેસ ટ્રેનની વધુ એક સુવિધા પ્રવાસીઓને મળશે. વડનગર આ ટ્રેન સવારે ૭:૩૦ વાગે પહોચશે.

# ‘યુદ્ધ નહીં, શાંતિ’ના સશક્ત સંદેશ સાથે રાનકુવા હાઇસ્કુલમાં હિરોશિમા-નાગાસાકી દિવસની સંવેદનશીલતા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૦૯**

શ્રી બી.એલ.પટેલ સર્વ વિદ્યામંદિર, રાનકુવા શાળામાં તા. ૦૬ ઓગસ્ટ (હિરોશિમા દિવસ) તથા તા. ૦૯ ઓગસ્ટ (નાગાસાકી દિવસ) નિમિત્તે ‘યુદ્ધ નહીં, શાંતિ’ થીમ અંતર્ગત સંવેદનશીલતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વિશ્વશાંતિ, માનવતા, અહિંસા, સહઅસ્તિત્વ અને ભાઈચારાની ભાવના વિકસાવવાનો તેમજ હિરોશિમા અને નાગાસાકી પરમાણુ હુમલામાં થયેલા માનવવિનાશમાંથી શીખ લઈને શાંતિપૂર્ણ વિશ્વના નિર્માણ માટે સંકલ્પબદ્ધ કરવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સભાથી કરવામાં આવી હતી. હિરોશિમા અને નાગાસાકી પર થયેલા પરમાણુ હુમલાની ભયાનક ઘટનાને સ્મરણમાં રાખી વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રોએ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ તમામ વિદ્યાર્થીમિત્રોને શાંતિ, સહઅસ્તિત્વ, માનવતા અને વિશ્વભાઈચારાનો સંદેશ આપતી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.




-તસવીરઃ દિપક સોલંકી

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને એ સંદેશ આપવામાં આવ્યો હતો કે હિરોશિમા અને નાગાસાકી માત્ર ઈતિહાસની ઘટનાઓ નથી, પરંતુ સમગ્ર માનવજાત માટે શાંતિની ચેતવણી છે. યુદ્ધના પરિણામે નિર્દોષ માનવજીવન, પર્યાવરણ અને આવનારી પેઢીઓ પર થતી વિનાશક અસરોને સમજાવી ‘વિનાશ નહીં, વિશ્વશાંતિનો સંદેશ’ જનમાનસ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સાથે જ પરમાપુ શસ્ત્રમુક્ત વિશ્વ અને ‘યુદ્ધ નહીં, વિકાસ જોઈએ’નો વિચાર વિદ્યાર્થીઓમાં પ્રબળ બનાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી સંજયસિંહ ડી. પરમારના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. શિક્ષકમિત્રોએ આયોજનમાં સક્રિય સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. ધોરણ-૯ના કુલ ૯૪ વિદ્યાર્થીઓએ નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈને યુદ્ધના વિનાશક પરિણામો, માનવતાની પીડા તથા શાંતિના મહત્વને પોતાના સર્જનાત્મક અભિગમ દ્વારા સુંદર રીતે રજૂ કર્યું હતું. વિદ્યાર્થીઓએ ભાષણ અને કાવ્ય રજૂઆત દ્વારા પણ ‘યુદ્ધ નહીં, શાંતિ’નો સંદેશ અસરકારક રીતે પ્રસરાવ્યો હતો.

તદુપરાંત, ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના કુલ ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ‘બોમ્બ ફેંકાયા પહેલા અને પછીની સ્થિતિ’ વિષય પર Innovative Model Presentation રજૂ કર્યા હતા. કુલ ૧૧ જેટલા મોડલોમાં વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક સમજ સાથે પરમાણુ વિસ્ફોટની વિનાશક અસરો, પર્યાવરણ પર પડતા પ્રભાવ તથા માનવજીવનની કરૂણ પરિસ્થિતિને રજૂ કરી હતી. આ મોડલોમાં વૈજ્ઞાનિક અભિગમ સાથે માનવતા, સહઅસ્તિત્વ અને શાંતિનો ઊંડો સંદેશ વ્યક્ત થયો હતો, જે ઉપસ્થિત સૌ માટે અત્યંત પ્રેરણાદાયક સાબિત થયો હતો.

આ સમગ્ર પ્રવૃત્તિમાં પ્રવૃત્તિ શિક્ષિકા મિત્તલકુમારી બી.ચૌધરી અને ડૉ.ફરહીન એમ.વછીયાત દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. જેના પરિણામે વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ સર્જનાત્મકતા અને સંવેદનશીલતાનું પ્રદર્શન કર્યુ હતું.

કાર્યક્રમ દ્વારા ‘સ્મરણથી સંકલ્પ તરફ’ની ભાવનાને સાકાર કરતાં વિદ્યાર્થીઓએ ભૂતકાળની કરૂણ ઘટનાઓમાંથી શીખીને ભવિષ્યમાં શાંતિ, અહિંસા અને માનવતાને પ્રાધાન્ય આપવાનો સંદેશ આપ્યો હતો. વિશ્વના દેશો વચ્ચે સંવાદ, સહકાર અને ભાઈચારાથી જ સ્થાયી શાંતિ સ્થાપી શકાય તે અંગે પણ જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા પરમાણુ શસ્ત્રમુક્ત અને યુદ્ધમુક્ત વિશ્વ માટે સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ‘યુદ્ધ નહીં, વિકાસ જોઈએ, વિનાશ નહીં પરંતુ માનવતાનો વિજય જોઈએ’ એવા સશક્ત સંદેશ સાથે વિદ્યાર્થીઓને શાંતિપૂર્ણ અને જવાબદાર વૈશ્વિક નાગરિક બનવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

અંતમાં વિશ્વશાંતિ માટે પ્રાર્થના સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા સૌને ‘યુદ્ધ નહીં, શાંતિ-દ્વેષ નહીં, માનવતા-વિનાશ નહીં, વિકાસ’ના સંદેશ સાથે શાંતિપૂર્ણ અને સહઅસ્તિત્વપૂર્ણ જીવન જીવવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.

# ચીખલી સહિત નવસારી જિલ્લામાં તમામ પ્રાથમિક શાળાઓમાં ‘હર ઘર તિરંગા-૨૦૨૬ ઝુંબેશ ધામધૂમથી ઉજવણી થશે





-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૦૯**

સ્વતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે ભારત સરકાર દ્વારા આયોજિત ‘હર ઘર તિરંગા-૨૦૨૬’ને સફળ બનાવવા માટે જિલ્લા શિક્ષણ વિભાગ કચેરી નવસારી દ્વારા એક મહત્વનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

નવસારી જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓના આચાર્યને આ ઝુંબેશ અંતર્ગત શાળાઓમાં વિવિધ દેશભક્તિભર કાર્યક્રમનું સુનિશ્ચિત આયોજન કરવા આદેશ આપવામાં આવ્યા છે. સમૂહ ગાન મુખ્ય આકર્ષણ રહેશે ચાલુ વર્ષે રાષ્ટ્રીય ગીત વંદે માતરમ્‌ની ઉજવણીના ૧૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ નિમિત્તે સંસ્કૃતિ મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ તિરંગા લહેરાવવાની સાથે ‘વંદે માતરમ્‌નું સામૂહિક ગાન મુખ્ય આકર્ષણ રહેશે. શાળાઓ અને કોલજોમાં તિરંગા રેલીઓ તેમજ સાયકલ રેલીઓનું આયોજન કરવામાં આવશે, જેની શરૂઆતમાં વંદે માતરમ્‌નું સામૂહિક ગાન ફરજિયાતપણે કરવાનું રહેશે.

દેશભક્તિ ગીત, નિબંધ વક્તૃત્વ, ચિત્ર સ્પર્ધા, રંગોળી અને ક્વિઝ જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે. શાળાની દિવાલ ઉપર તિરંગા થીમ આધારિત ચિત્રકામ (wallArt) સ્વાતંત્ર્ય સેનાનીઓના વિચારો અને વંદે માતરમ્‌ની પંક્તિઓ દર્શાવશે સ્વચ્છતા અભિયાન વૃક્ષારોપણ અને રાષ્ટ્રપ્રેમ આધારિત જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે વિદ્યાર્થી રાષ્ટ્રીય ધ્વજના સન્માન અને Flng Code of lndin અંગે વિશેષ માર્ગદર્શન અપાશે.

### સેલ્ફી વિથ તિરંગા અને પોર્ટલ અપલોડ

વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને પોતાના નિવાસ સ્થાને તિરંગા લહેરાવવા પ્રોત્સાહિત કરાશે, ઉપરાંત www.harghnrtiranga.com પોર્ટલ પર તિરંગા સાથેની સેલ્ફી અપલોડ કરવા પ્રેરિત કરાશે જેના પર વંદે માતરમ્ પંક્તિઓ આપો આપ પ્રિન્ટ થશે. શાળાઓમાં આ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન થશે.

### છીપવાડ-ગરનાળા માર્ગ પર રેલવે ઓવર બ્રિજ (ROB) ના નિર્માણની કવાયત તેજ

# ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શનમાં સંયુક્ત સર્વે હાથ ધરાયો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

વષોથી છીપવાડ-ગરનારા માર્ગ પરથી અવરજવર કરતા આશરે ૪૦ ગામના વાહનચાલકોને રેલવે ક્રોસિંગને કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ લાંબા સમયથી ચાલી આવતી જનસમસ્યાના કાયમી નિરાકરણ માટે વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ અને જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ રેલવે ઓવર બ્રિજ (ROB)ના નિર્માણની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે.

આ બ્રિજના નિર્માણની પ્રક્રિયાને વેગ આપવા માટે તાજેતરમાં GUDC (ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની)ના અધિકારીઓ તથા વલસાડ નગરપાલિકાના અધિકારીઓ દ્વારા સ્થળ પર સંયુક્ત સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વેની કામગીરી દરમિયાન સ્થળની ભૌગોલિક પરિસ્થિતિ, વિવિધ ટેકનિકલ પાસાઓ અને બ્રિજના સંભવિત રૂટ અંગે અધિકારીઓ દ્વારા વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

સંયુક્ત સર્વે પૂર્ણ થયા બાદ, સમગ્ર મુદ્દે ધારાસભ્યશ્રી અને સર્વે ટીમ દ્વારા વલસાડ કલેક્ટરશ્રી નિતીન સાંગવાન સાથે વિસ્તૃત બેઠક અને ચર્ચા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન બ્રિજ નિર્માણની આગામી પ્રક્રિયાને વધુ ઝડપી ગતિએ આગળ વધારવા માટે જરૂરી રણનીતિ અને આયોજન અંગે ગહન વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

આ રેલવે ઓવર બ્રિજનું નિર્માણ થતાં વિસ્તારના હજારો નાગરિકોને ટ્રાફિક જામની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે. લોકોને ભવિષ્યમાં સરળ, સુરક્ષિત અને સુવિધાજનક અવરજવરનો લાભ મળશે, જેના પરિણામે સમગ્ર વિસ્તારના વિકાસને એક નવી અને સકારાત્મક ગતિ મળશે.

# નારી વંદન ઉત્સવ : ‘મહિલા કર્મયોગી દિવસ’ નિમિત્તે કામકાજના સ્થળે જાતીય સતામણી નિવારણ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, વલસાડ દ્વારા નારી વંદન ઉત્સવ અંતર્ગત ‘મહિલા કર્મયોગી દિવસ’ની ઉજવણી નિમિત્તે એપીએમસી માર્કેટ, નાનાપોંઢા ખાતે કામકાજના સ્થળે મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણને ધ્યાનમાં રાખી ‘કામકાજના સ્થળે જાતીય સતામણી (POSH Act, 2013) નિવારણ અંગે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શ્રીમતી શ્વેતા દેસાઈ દ્વારા મહિલાઓને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ, મહિલા સશક્તિકરણ તથા સુરક્ષા સંબંધિત મુદ્દાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી કમલેશ ગીરાસે દ્વારા કામકાજના સ્થળે જાતીય સતામણી નિવારણ અધિનિયમ (POSH Act, 2013), ઘરેલું હિંસા અધિનિયમ તેમજ મહિલા સુરક્ષા સંબંધિત કાનૂની જોગવાઈઓ અંગે વિગતવાર સમજણ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત, વલસાડના મહિલા અને બાળ વિકાસ સમિતિના અધ્યક્ષશ્રી શ્રીમતી દક્ષાબેન ચૌધરી દ્વારા ઉપસ્થિત બહેનોને મહિલા વિકાસ, સ્વાવલંબન અને શાસનની વિવિધ યોજનાઓનો લાભ લેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નાનાપોંઢા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી શ્રીમતી મનિષાબેન પટેલ દ્વારા મહિલાઓના સર્વાંગી વિકાસ અને કાર્યસ્થળ પર સુરક્ષિત વાતાવરણ જાળવવા માટે મહત્વપૂર્ણ સૂચનો આપવામાં આવ્યા હતા.

સેમિનાર દરમિયાન મહિલા અને બાળ વિકાસ વિભાગાની વિવિધ યોજનાઓ, સખી વન સ્ટોપ સેન્ટર (OSC), પી.બી.એસ.સી. તથા અન્ય મહિલા સુરક્ષા સંબંધિત સેવાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત, મહિલા પોલીસ સ્ટેશન, વલસાડની શી ટીમના ટીમ ઈન્ચાર્જ શ્રીમતી અરૂણાબેન દ્વારા શી ટીમની કામગીરી, મહિલાઆની સુરક્ષા, તાત્કાલિક સહાય વ્યવસ્થા તથા મહિલા સુરક્ષા માટે ઉપલબ્ધ સેવાઓ અંગે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. મહિલાઓમાં જાગૃતિ લાવવાના હેતુથી ‘પ્રતિકાર’ ફિલ્મનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં એપીએમસી માર્કેટ, નાનાપોંઢાના ચેરમેન તથા જિલ્લા પંચાયત સદસ્ય શ્રી મુકેશભાઈ પટેલ, વિવિધ કંપનીઓના મેનેજરશ્રીઓ, નાનાપોંઢા ગામના આગેવાનો, એપીએમસી માર્કેટના પ્રતિનિધિઓ, મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓ, મહિલા પોલીસ સ્ટેશન, વલસાડની શી ટીમ, તથા મોટી સંખ્યામાં મહિલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નારી વંદન ઉત્સવ-૨૦૨૬

# વલસાડની સેગવી હાઈસ્કૂલમાં ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇન દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**વિદ્યાર્થિનીઓને મહિલા સુરક્ષા, નેતૃત્વ વિકાસ અને સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન અપાયું**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત ઉજવાતા મહિલા નેતૃત્વ દિવસનો મુખ્ય હેતુ મહિલાઓ અને કિશોરીઓમાં નેતૃત્વ ક્ષમતાનો વિકાસ કરવો, આત્મવિશ્વાસ વધારવો, પોતાના અધિકારો અને જવાબદારીઓ પ્રત્યે જાગૃત બનાવવું તેમજ શિક્ષણ, સુરક્ષા અને સ્વાવલંબન દ્વારા સમાજના સર્વાંગી વિકાસમાં તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો છે. આ હેતુને અનુરૂપ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન, વલસાડ ટીમ દ્વારા વલસાડ તાલુકાના સેગવી ગામ સ્થિત સર્વોદય હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થિનીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનની સેવાઓ, મહિલાઓને મળતી તાત્કાલિક સહાય, ઘરેલું હિંસા, મહિલા સુરક્ષા, સાયબર સુરક્ષા, કાનૂની માર્ગદર્શન તેમજ ઈમરજન્સી સેવા ૧૧૨ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ સરકારી યોજનાઓ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીનીઓને પ્રેરણાદાયી સફળતાની કહાનીઓ દ્વારા આત્મવિશ્વાસ અને નેતૃત્વના ગુણોને વિકસાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે જ સોશિયલ મીડિયાનો સુરક્ષિત અને જવાબદાર ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ ૧૮૧ અભયમ્ મોબાઈલ એપ્લિકેશન વિશે માહિતી આપી તેના ઉપયોગ અંગે સમજણ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રશ્નોત્તરી દ્વારા પોતાની જિજ્ઞાસાઓનું સમાધાન મેળવ્યું અને જરૂરિયાતના સમયે નિર્ભયપણે ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન તથા ૧૧૨ ઈમરજન્સી સેવાનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન વલસાડ ટીમના કાઉન્સેલર કંચન ટંડેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ભારતમાં પણ બાળકો માટે સોશિયલ મીડિયા બૅન થશે!

## ભાજપ સાંસદ બૈજયંત જય પાંડા બિલ લાવવાની તૈયારીમાંઃ આ બિલ બાળકોને ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયાના દુષ્પરિણામોથી બચાવવા માટે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯** બાળકોને ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના દુષ્પરિણામોથી બચાવવા તેમજ ડિજિટલ સ્પેસમાં તેમની સુરક્ષા મજબૂત કરવા માટે સંસદમાં એક પ્રાઈવેટ મેમ્બર બિલ રજૂ કરવાની તૈયારી કરવામાં આવી છે. **ભારતીય જનતા પાર્ટી (BJP)ના સાંસદ બૈજયંત જય પાંડા દ્વારા સેફગાર્ડિંગ હેલ્ધી ઈન્ટરનેટ એન્વાયરન્મેન્ટ્સ ફોર લિટલ ડિજિટલ-નેટિવ્સ (SHIELD) બિલ, ૨૦૨૫ તૈયાર કરવામાં આવ્યું છે.** આ બિલમાં બાળકોના સોશિયલ મીડિયા અકાઉન્ટ, ડેટા પ્રાઈવસી, ઓનલાઈન ગેમિંગ અને પર્સનલાઈઝ્ડ જાહેરાતોને લઈને કડક નિયમો પ્રસ્તાવિત કરાયા છે. જોકે, શુક્રવારે સંસદમાં સતત હંગામા અને ગૃહ મુલતવી રહેવાને કારણે આ બિલ ઔપચારિક રીતે રજૂ થઈ શક્યું ન હતું. શીલ્ડ (SHIELD) બિલમાં ૧૮ વર્ષથી ઓછી વયની દરેક વ્યક્તિને સગીર ગણવામાં આવી છે. આ બિલની મુખ્ય જોગવાઈ મુજબ, ૧૩ વર્ષથી નાની વયના બાળકો પોતાના માતા-પિતા કે વાલીની મંજૂરી વગર સોશિયલ મીડિયા કે ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ પર નવું એકાઉન્ટ બનાવી શકશે નહીં. આ ઉપરાંત, ટેક કંપનીઓ બાળકોની ઓનલાઈન પ્રવૃત્તિઓ પર નજર રાખી શકશે નહીં કે તેમની પ્રોફાઈલિંગ પણ કરી શકશે નહીં. બાળકોની માહિતી (ડેટા) માત્ર જરૂરી સેવાઓ પૂરી પાડવા પૂરતી જ મર્યાદિત રખાશે. જો એકાઉન્ટ ૯૦ દિવસ સુધી નિષ્ક્રિય રહે અથવા વાલી વિનંતી કરે, તો તેનો ડેટા કાયમી ધોરણે ડિલીટ કરવો ફરજિયાત રહેશે.

ઓનલાઈન પ્લેટફોર્મ્સને બાળકો માટે સુરક્ષિત બનાવવા માટે ટેક કંપનીઓ પર અનેક ટેકનિકલ જવાબદારીઓ સોંપવાની ભલામણ કરવામાં આવી છે. સગીરો માટે ઉપલબ્ધ પ્લેટફોર્મ્સે ઉંમરની સાચી ઓળખ કરતી મજબૂત સિસ્ટમ લાગુ કરવી પડશે. વાલીઓને એક ખાસ પેરન્ટલ ડેશબોર્ડ અપાશે, જેનાથી તેઓ બાળકોની ઓનલાઈન પ્રવૃત્તિઓ પર નજર રાખી શકશે, પ્રાઈવસી સેટિંગ્સ સંભાળી શકશે અને સ્ક્રીન ટાઈમ મર્યાદિત કરી શકશે. પ્લેટફોર્મ્સે એ પણ સુનિશ્ચિત કરવું પડશે કે બાળકો પોર્નોગ્રાફી,



ઓનલાઈન સટ્ટાબાજી, હિંસક સામગ્રી અને ડ્રગ્સથી દૂર રહે.

બાળકોની ડિજિટલ સુરક્ષામાં બેદરકારી દાખવનાર ટેક કંપનીઓ સામે કડક સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ માટે દરેક પ્લેટફોર્મ પર Report Child Harm નામનું એક ખાસ બટન મૂકવું ફરજિયાત રહેશે. કોઈ પણ ફરિયાદ મળે ત્યારે કંપનીએ ૨૪ કલાકમાં તેનો પ્રતિસાદ આપવો પડશે અને ૪૮ કલાકની અંદર તે સમસ્યાનો ઉકેલ લાવવો પડશે.

આ ઉપરાંત, બાળકો માટે નુકસાનકારક સામાન્ય સામગ્રીને ૩૬ કલાકમાં અને ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટિરિયલ (CSAM)ને માત્ર ૨૪ કલાકની અંદર પ્લેટફોર્મ પરથી હટાવવું પડશે. જો કોઈ કંપની આ નિયમોનું ઉલ્લંઘન કરે છે, તો તેના પર રૂા.૧૦ કરોડ સુધીનો દંડ થઈ શકે છે. વારંવાર કે જાણીજોઈને નિયમો તોડવા બદલ IT ઍક્ટની કલમ 69A હેઠળ તે પ્લેટફોર્મને ભારતમાં અસ્થાયી રૂપે બ્લોક પણ કરી શકાશે.



સાંસદ બૈજયંત પાંડાનું બીજું બિલ પ્રોટેક્શન ઓફ પર્સનાલિટી લાઈકનેસ ફ્રોમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મિસયુઝ બિલ, ૨૦૨૬ છે. આ કાયદો પરવાનગી વગર કોઈ વ્યક્તિનો અવાજ, ચહેરો કે શારીરિક દેખાવ ઉપયોગ કરીને બનાવવામાં આવતા ફેક AI ડીપફેક પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ રજૂ કરે છે. આવી AI સામગ્રી નોટિસ મળ્યાના ૨૪ કલાકમાં (અને અશ્લીલ સામગ્રીના કિસ્સામાં ૧૨ કલાકમાં) હટાવવી પડશે. છેતરપિંડી, બ્લેકમેલિંગ કે અશ્લીલતા ફેલાવવા માટે ડીપફેક બનાવવા પર ૩ વર્ષ સુધીની જેલ અને રૂા.૧૦ લાખ સુધીના દંડની જોગવાઈ છે

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# શાંતિપૂર્ણ દેખાવો કે વિરોધ એ લોકશાહીનો અધિકાર છે

દેશના યુવાનોના વિરોધ દેખાવોના મામલે ચિંતાભરી સ્થિતિ પ્રવર્તી રહી છે. યુવાનોની સામે બળપ્રયોગ કરવો કે પછી તેમને સમજાવવા એ મુદ્દે ચાલી રહેલી ચર્ચામાં હવે સર્વોચ્ચ અદાલતે ચાવીરૂપ વાત કરી છે. અદાલતે એવો અભિપ્રાય આપ્યો છે કે, મોટી સંખ્યામાં યુવાનો કોઈ મુદ્દે માર્ગો પર ઊતરી આવે ત્યારે સરકાર તેમની વાત સાથે સંમત થાય તે જરૂરી નથી, પણ તેમની વાત કાને ધરે એ એટલું જ જરૂરી છે. રાજધાનીના જંતરમંતર ખાતે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના દેખાવો દરમ્યાન થયેલી હિંસા અને પોલીસની કડક કાર્યવાહીના સંદર્ભમાં દેશભરમાં ભારે ચિંતા વ્યાપી છે, તેવા સમયે સર્વોચ્ચ અદાલતે જે ટિપ્પણી કરી છે તે આ ચિંતાના ઉકેલ સમાન ગણી શકાય તેવી છે. અદાલતે સરકારને સલાહ આપી છે કે, યુવાનોની વાત સાંભળવી એ એક મજબૂત હથિયાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અદાલતની આ વાત હાલના સમયમાં સરકારની માટે મહત્ત્વનો સંદેશ છે. વિરોધને કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ગણીને બળપ્રયોગથી તેને દબાવવાને બદલે તેની પાછળના અસંતોષનાં કારણ સમજવાનું અનિવાર્ય બની રહે છે. જો ગેરમાર્ગે દોરાયેલા યુવાનો પથ્થરબાજી કરે તો તેમને બળથી નહીં પણ સમજાવટ અને કાઉન્સેલિંગથી શાંત કરવાના પ્રયાસ થવા જોઈએ. સલામતી એજન્સીઓ અને પોલીસને સંયમ જાળવવાની સલાહ આપીને અદાલતે સરકારોને આક્રમક વલણ લેવાથી અળગા રહેવાનું પણ કહ્યું છે. અદાલતનો આ સંદેશ એટલા માટે મહત્ત્વનો છે કે, વિરોધ અને હિંસા વચ્ચે એક સ્પષ્ટ રેખા હોય છે. શાંતિપૂર્ણ દેખાવો કે વિરોધ એ લોકશાહીનો અધિકાર છે, પણ જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવું અને જવાનો પર હુમલો તથા કાયદો તોડવાનાં પગલાંનો સ્વીકાર થઈ શકે નહીં. સરકારે હવે એવું વલણ લેવું પડશે જેમાં એક તરફ કાયદાના અમલને જાળવવા તથા બીજી તરફ દેખાવકારો સાથે સંવાદનો સેતુ જાળવવાની બેવડી નીતિ તૈયાર કરવી પડશે. ૨૦મી જુલાઈએ સંસદ તરફની કૂચમાં મામલો બીચકતાં પોલીસ અને દેખાવકારો સારી એવી સંખ્યામાં ઘાયલ થયા હતા. તે સમયે લોકશાહીની વોચ્ચ સંસ્થા સંસદની ગરિમાને જાળવવાની અનિવાર્યતા હતી. યેનકેન પ્રકારે સલામતી વ્યવસ્થાને તોડીને કૂચ કરવાના પ્રયાસને રોકવાની જવાબદારી પોલીસ તંત્રની હતી, પણ આ આખા પ્રકરણમાં જે રીતે દેખાવકારોની આડમાં અસમાજિક તત્ત્વોએ હિંસા ફેલાવીને પોલીસની ઉપર હુમલા કર્યા તેમની સાથે કોઈ નરમાશ કે બાંધછોડનો ત્યારે કોઈ અવકાશ ન હતો. અદાલતે આ કિસ્સામાં દેખાવકારોના વર્તનની નોંધ લેવી જોઈતી હતી એવી દલીલ પણ થઈ હતી. જો કે, સરકારને સંયમ જાળવવાની સર્વોચ્ચ અદાલતની સલાહ પોલીસ તંત્રનેહતોત્સાહ ન કરે અને દેખાવકારોના હિંસક હઠાગ્રહને વધુ બેલગામ ન કરે તેનો ખ્યાલ રાખવાની ખાસ જરૂરત બની રહેશે. જે રીતે સીજેપીના દેખાવકારોએ બેફામ ગાળો સાથે ઉશ્કેરણીજનક વર્તન કર્યું તેની નોંધ અદાલતે લેવી જોઈતી હતી. બાકી યુવાનોને સાચા માર્ગે લાવવા સંવાદની સલાહ સોળ આને સોનેરી છે.

## ચીન-અમેરિકાનો દબદબો ખતમ કરવા નો જોરદાર પ્લાન

# ભારત ફ્રાન્સ સાથે મળી બનાવશે છઠ્ઠી પેઢીનું ફાઈટર જેટ!

## સંસદીય સમિતિને અપાયેલી માહિતી મુજબ, બ્રિટનના ગ્લોબલ કોમ્બેટ એર પ્રોગ્રામનું પણ મૂલ્યાંકન થઈ રહ્યું છે




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯:** ભારતની સંરક્ષણ તૈયારીઓમાં એક અત્યંત મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. દેશના સંરક્ષણ મંત્રાલયે સંસદીય સ્થાયી સમિતિને માહિતી આપતાં જણાવ્યું છે કે, તે ફ્રાન્સ સરકારના નેતૃત્વ હેઠળના છઠ્ઠી પેઢીના લડાકુ વિમાન વિકાસ કાર્યક્રમ એટલે કે 'ફ્યુચર કોમ્બેટ એર સિસ્ટમ' (FCAS)માં જોડાવા માટે સઘન અને સમન્વયિત પ્રયાસો શરૂ કરી ચૂક્યું છે. આ સાથે જ બ્રિટન, ઈટાલી અને જાપાનના 'ગ્લોબલ કોમ્બેટ એર પ્રોગ્રામ' (GCAP) નું પણ મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

આ મહત્વાકાંક્ષી કદમ ભારતની વાયુ શક્તિને ૨૦૪૦ના દાયકા સુધીમાં અતિ આધુનિક અને મજબૂત બનાવવાના હેતુથી ઉઠાવવામાં આવ્યું છે. છઠ્ઠી પેઢીના આ સિસ્ટમમાં સ્ટીલ્થ ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત નિર્ણયો, રોયલ વિંગમેન ડ્રોન અને નેટવર્ક આધારિત યુદ્ધ ક્ષમતાઓ શામેલ છે, જે ભવિષ્યના યુદ્ધનું સ્વરૂપ બદલી નાખશે.

FCASની શરૂઆત ૨૦૧૭માં ફ્રાન્સ અને જર્મની વચ્ચે થઈ હતી, જેમાં પાછળથી સ્પેન પણ જોડાયું હતું. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર એક નવું વિમાન બનાવવાનો નહોતો, પરંતુ એક આખી સિસ્ટમ તૈયાર કરવાનો હતો જેમાં મુખ્ય ફાઈટર જેટની સાથે રિમોટ કેરિયર ડ્રોન અને 'કોમ્બેટ ક્લાઉડ' નામનું ડેટા નેટવર્ક હોય. જોકે, એરબસ અને ડસોલ્ટ એવિએશન વચ્ચે નેતૃત્વ, કામની વહેંચણી અને બૌદ્ધિક સંપદાને લઈને ગંભીર મતભેદો ઊભા થયા હતા. આ દરમિયાન જૂન ૨૦૨૬માં ફ્રાન્સ અને જર્મની વચ્ચેના મતભેદો ચરમસીમાએ પહોંચતાં મૂળ વિમાન વિકાસ ક્ષેત્રે મડાગાંઠ સર્જાઈ હતી.

ફ્રાન્સ હવે નવા ભાગીદારોની શોધમાં છે અને ભારત સાથેના તેના મજબૂત અને વિશ્વસનીય સંરક્ષણ સંબંધો તેને આ ગઠબંધન માટે એક ઉત્તમ દાવેદાર બનાવે છે. ભારતીય વાયુસેના પાસે મંજૂર થયેલી સ્ક્વોડ્રનની સંખ્યા ૪૨ છે, પરંતુ હાલમાં માત્ર ૨૯ સ્ક્વોડ્રન જ સક્રિય છે અને જૂના વિમાનો ક્રમશઃ નિવૃત્ત થઈ રહ્યા છે. બીજી તરફ ચીન જેવા પડોશી દેશો ઝડપથી છઠ્ઠી પેઢીના પ્રોટોટાઈપનું પરીક્ષણ કરી રહ્યા છે. ભારતનું સ્વદેશી 'એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ' (AMCA) પાંચમી પેઢીનું સ્ટીલ્થ વિમાન છે, જે ૨૦૩૦ ના મધ્ય સુધીમાં સેવામાં સામેલ થશે. પરંતુ છઠ્ઠી પેઢીની ટેક્નોલોજી માટે વધારાની કૌશલ્ય અને સમય જરૂરી હોવાથી સંરક્ષણ મંત્રાલયનું માનવું છે કે કોઈ આંતરરાષ્ટ્રીય કન્સોર્ટિયમમાં જોડાવાથી ભારત ટેક્નોલોજીની રેસમાં પાછળ પડતાં બચી શકશે. ફ્રાન્સ સાથે પહેલાથી જ રાફેલ વિમાન અને સાફરાન સાથે ૧૨૦ કિલોન્યૂટન થ્રસ્ટ વાળા એન્જિનનો સહ-વિકાસ ચાલુ હોવાથી આ ભાગીદારી ભારત માટે વધુ અનુકૂળ સાબિત થઈ શકે છે. ભારત એકતરફ તેના સ્વદેશી AMCA પ્રોજેક્ટને ઝડપથી આગળ ધપાવી રહ્યું છે, તો બીજી તરફ FCAS અથવા GCAP જેવા વૈશ્વિક પ્રોજેક્ટ્સમાંથી અત્યાધુનિક ટેક્નોલોજી ટ્રાન્સફર મેળવવા ઈચ્છે છે.

GCAPમાં બ્રિટન, ઈટાલી અને જાપાન સામેલ છે, પરંતુ તાજેતરના અહેવાલો મુજબ ભારતે ફ્રાન્સના FCAS પર વિશેષ ભાર મૂક્યો છે. ફ્રાન્સ સાથે દ્વિપક્ષીય સ્તરે કામ કરવું એ બહુદેશીય જૂથોની જટિલતાઓ કરતાં વધુ સરળ હોઈ શકે છે.

ભારત ફ્રાન્સને 'કો-ડેવલપમેન્ટ' અને 'કો-પ્રોડક્શન'નો પ્રસ્તાવ આપી રહ્યું છે જેથી સ્થાનિક ઉત્પાદન અને ઉત્પાદન ક્ષમતા વધારી શકાય. આ ભાગીદારી સફળ થશે તો ભારતને માત્ર અત્યાધુનિક લડાકુ વિમાનો જ નહીં પરંતુ સ્ટીલ્થ મટિરિયલ, એડવાન્સ રડાર, AI સોફ્ટવેર અને ડ્રોન કન્ટ્રોલ જેવી ટેક્નોલોજી પણ પ્રાપ્ત થશે.

સંસદીય સમિતિએ સ્વદેશી અને વિદેશી બંને મોરચે ચાલી રહેલા પ્રયાસો પર સ્પષ્ટ રોડમેપ માંગ્યો છે. ભારતનો આ પ્રયાસ આત્મનિર્ભરતા અને વ્યુહાત્મક ભાગીદારીનો અનોખો સમન્વય છે, જે ભારતીય વાયુસેનાને ૨૦૪૦ના દાયકામાં ઉદ્ભવનારા આધુનિક વાયુ અને સ્પેસ પડકારોનો સામનો કરવા માટે સજ્જ બનાવશે.

# ભારત પર ૧૦૦% ટેરિફથી અમેરિકામાં જ બળવો, રેન્ડ પોલ બન્યા ઢાલઃ આ તો પોતાના પગ પર કુહાડી મારવા જેવું છે

**સેનેટર રેન્ડ પોલે તેને આત્મઘાતી પગલું ગણાવતાં કહ્યું કે તેનાથી ભારત રશિયા અને ચીનની વધુ નજીક જઈ શકે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વૉશિંગ્ટન, તા.૦૯:** રશિયા પાસેથી તેલ ખરીદવાને લઈને ભારત પર ૧૦૦% ટેરિફ લગાવવાની અમેરિકાની યોજના હવે અમેરિકાની અંદર જ વિવાદનું કારણ બની છે. ટ્રમ્પની જ રિપબ્લિકન પાર્ટીના વરિષ્ઠ સેનેટર રેન્ડ પૉલે આ પ્રસ્તાવનો ખુલ્લેઆમ વિરોધ કરતાં તેને 'પોતાના પગ પર ગોળી મારવા જેવું' ગણાવ્યું છે. સેનેટર રેન્ડ પૉલે સ્પષ્ટ કહ્યું કે અમેરિકા જ્યારે ચીન સામેની વ્યૂહાત્મક સ્પર્ધામાં ભારતનો સહયોગ ઈચ્છે છે, ત્યારે જ ભારત પર ૧૦૦% ટેરિફ લગાવવાની વાત કરવી સંપૂર્ણપણે આત્મઘાતી પગલું છે. તેમનું માનવું છે કે તેનાથી માત્ર અમેરિકાને આર્થિક નુકસાન જ નહીં થાય, પરંતુ ભારત જેવા મહત્વપૂર્ણ ભાગીદારને પણ દૂર ધકેલી દેવામાં આવશે. તેમણે ચેતવણી આપી કે જો અમેરિકા આ પ્રકારનો કડક ટેરિફ લાગુ કરે છે, તો ભારત-રશિયા અને ચીનની વધુ નજીક જઈ શકે છે, જે અમેરિકાની વૈશ્વિક વ્યૂહરચનાથી વિપરીત હશે. અમેરિકી સેનેટે તાજેતરમાં એક મોટું બિલ પસાર કર્યું છે, જેનો હેતુ રશિયાની ઊર્જામાંથી થતી આવકને અસર પહોંચાડવાનો છે. 'લિન્ડસે ઓ. 'ગ્રેહામ સેંકશનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઑફ ૨૦૨૬' નામના આ બિલને ભારે બહુમતીથી મંજૂરી મળી છે. તેના હેઠળ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને એવી સત્તા આપવામાં આવી છે કે જે દેશો રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદવાનું ચાલુ રાખશે, તેમના માલ પર ૧૦૦% સુધીનો ટેરિફ લગાવી શકાય છે. આ યાદીમાં ભારત અને ચીન જેવા મોટા ખરીદદાર દેશોની સાથે અઝરબૈજાન, હંગેરી અને સ્લોવાકિયા પણ સામેલ છે. બિલમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, તેમના સહયોગીઓ, ઑલિગાર્ક્સ અને નાણાકીય સંસ્થાઓ પર પણ કડક પ્રતિબંધો લગાવવાની જોગવાઈ છે. જોકે, આ બિલને લઈને અમેરિકી રાજકારણમાં પણ મતભેદ સામે આવી રહ્યા છે. કેટલાક ડેમોક્રેટ સાંસદોએ પણ ચિંતા વ્યક્ત કરી છે કે તેનાથી રાષ્ટ્રપતિને ટેરિફ લગાવવાની ખૂબ વધારે સત્તા મળી જશે, જેની અસર વૈશ્વિક વેપાર પર પડી શકે છે. આ બિલ હવે પ્રતિનિધિ સભામાં જશે, જ્યાં આગામી સત્રમાં તેના પર ચર્ચા અને મતદાન થશે, પરંતુ તે પહેલાં જ ભારત પર સંભવિત ટેરિફને લઈને અમેરિકાની અંદર ઊઠી રહેલા અવાજો એ સંકેત આપી રહ્યા છે કે આ નિર્ણયની અસર માત્ર વિદેશ નીતિ પર જ નહીં, પરંતુ અમેરિકાની પોતાની આર્થિક અને વ્યૂહાત્મક સ્થિતિ પર પણ પડી શકે છે.

# મહિલા અનામત કાયદાના અમલ મુદ્દે રાજકીય ગરમાવો વધ્યોઃ કિરેન રિજિજુએ કોંગ્રેસના સમર્થન પર સવાલ ઉઠાવ્યો

**મહિલા અનામત મુદ્દે મોદી સરકારે સમર્થન માંગતા રાહુલ ગાંધીનો જવાબ- ૩ વર્ષ પહેલા પાસ થયેલું બિલ લાગુ કરો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

મહિલા અનામતને લઈને રાજકીય વિવાદ વધુ ઘેરો બન્યો છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ વચ્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર શાબ્દિક યુદ્ધ જોવા મળ્યું હતું. રાહુલ ગાંધીએ સરકાર સમક્ષ માગ કરી છે કે વર્ષ ૨૦૨૩માં પસાર થયેલા મહિલા અનામત કાયદાને કોઈ પણ શરત વગર તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવે.

આ સમગ્ર વિવાદની શરૂઆત રાહુલ ગાંધી દ્વારા મહિલાઓ પર પોસ્ટ કરવામાં આવેલા એક વીડિયોથી થઈ હતી. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ તે વીડિયોને રીપોસ્ટ કરતાં લખ્યું હતું કે આ કોંગ્રેસના દૃષ્ટિકોણમાં સકારાત્મક ફેરફારનો સંકેત છે અને રાહુલ ગાંધીના દિલમાં મહિલાઓ પ્રત્યે બદલાવ દેખાઈ રહ્યો છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે હવે કોંગ્રેસ મહિલા અનામત બિલનું વિના શરતે સમર્થન કરશે.

આ ટિપ્પણીનો વળતો જવાબ આપતાં રાહુલ ગાંધીએ સ્પષ્ટ કર્યું કે મહિલા અનામત બિલ ૨૦૨૩માં જ કોંગ્રેસના પૂર્ણ સમર્થન સાથે સર્વસંમતિથી પસાર થઈ ચૂક્યું છે. રાહુલ ગાંધીએ સવાલ ઉઠાવ્યો કે કાયદો બન્યાના ત્રણ વર્ષ પછી પણ તેને લાગુ કેમ કરવામાં આવ્યો નથી અને સરકાર તેને સીમાંકન (ડીલિમિટેશન) સાથે શા માટે જોડી રહી છે? વીડિયો સંદેશમાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, ભારતની મહિલાઓની ઊર્જા બંધાયેલી પડી છે અને તેમને પોતાની કલ્પના તથા અભિવ્યક્તિની આઝાદી નથી મળી રહી. જ્યાં સુધી મહિલાઓ ખુલ્લીને પોતાના વિચારો રજૂ ન કરી શકે ત્યાં સુધી કોઈ પણ દેશ સફળ થઈ શકે નહીં. મહિલા સશક્તિકરણ માત્ર બિઝનેસ કે રાજકારણ પૂરતું સીમિત ન હોવું જોઈએ, પરંતુ ઘરમાં, પરિવારમાં અને જાહેર સ્થળોએ પણ તેમને મુક્તપણે બોલવાની તથા પોતાના પરિવારના સભ્યો સામે પણ અસહમત થવાની આઝાદી મળવી જોઈએ. મહિલા અનામત બિલ, જેને નારી શક્તિ વંદન બિલ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે વર્ષ ૨૦૨૩માં સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. આ કાયદા હેઠળ લોકસભા, રાજ્યોની વિધાનસભાઓ અને દિલ્હી વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ છે. કોંગ્રેસનો આરોપ છે કે આટલો મહત્ત્વપૂર્ણ કાયદો બની ગયો હોવા છતાં કેન્દ્ર સરકાર તેને અમલમાં મૂકવામાં વિલંબ કરી રહી છે.

# UPI પેમેન્ટ પર ચાર્જ અંગે સૌથી મોટો ભ્રમ દૂર!: ગ્રાહકો અને નાના વેપારીઓને મોટી રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) પર ચાર્જ વસૂલવામાં આવશે તેવી વિવિધ ચર્ચાઓ વચ્ચે પેમેન્ટ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (PCI)એ સ્પષ્ટતા કરી છે. PCIએ જણાવ્યું છે કે સામાન્ય ગ્રાહકો અને નાના વેપારીઓ માટે UPI ચૂકવણી પહેલાની જેમ જ સંપૂર્ણપણે મફત રહેશે. હવે મૂળ મુદ્દો એ છે કે ઝડપથી વધી રહેલા આ ડિજિટલ પેમેન્ટ નેટવર્કને લાંબા સમય સુધી કેવી રીતે મજબૂત અને ટકાઉ બનાવી શકાય, જેને ધ્યાનમાં રાખીને કેટલાક નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.PCIએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, વર્ષ 2016માં UPIની શરૂઆત થઈ ત્યારથી જ સરકાર અને પેમેન્ટ ક્ષેત્રે ગ્રાહકો પાસેથી કોઈ પણ પ્રકારનો ટ્રાન્ઝેક્શન ચાર્જ લીધો નથી અને ભવિષ્યમાં પણ ગ્રાહકો કોઈ પણ ચાર્જ વગર UPIનો ઉપયોગ કરી શકશે.આ ઉપરાંત નાના દુકાનદારો અને કરિયાણા વેપારીઓ પાસેથી પણ UPI પેમેન્ટ સ્વીકારવા પર કોઈ મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લેવામાં આવશે નહીં. UPIને નાના કારોબારીઓ સુધી ડિજિટલ પેમેન્ટની સુવિધા પહોંચાડવાના હેતુથી બનાવવામાં આવ્યું હતું અને તેમની સુવિધા હંમેશા પ્રાથમિકતા રહેશે.UPI આજે વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઈમ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ બની ચૂકી છે.

દર મહિને અબજોના ટ્રાન્ઝેક્શન થતા હોવાને કારણે આ સિસ્ટમને સુરક્ષિત, મજબૂત અને ટકાઉ બનાવી રાખવા માટે જરૂરી રોકાણ અને માળખા પર ચર્ચા થઈ રહી છે. જોકે, તેનાથી ગ્રાહકો કે નાના વેપારીઓ પર કોઈ વધારાનો બોજ પડશે નહીં. PCIના જણાવ્યા મુજબ, નેશનલ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને ચલાવવામાં ટેકનોલોજી, સાઈબર સુરક્ષા, ગ્રાહક સહાયતા અને નિયમોના પાલન પાછળ સતત ખર્ચ થાય છે, જે હાલમાં બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ ભોગવી રહ્યા છે.PCIએ સ્પષ્ટ કર્યું છે કે જો ભવિષ્યમાં મોટા વેપારીઓ પર મર્ચેન્ટ સર્વિસ ચાર્જ લાગુ કરવામાં આવે, તો પણ તેનો અર્થ એ નથી કે ગ્રાહકોએ UPIનો ઉપયોગ કરવા માટે ચાર્જ ચૂકવવો પડશે.

આ ચાર્જ માત્ર વેપારી અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર વચ્ચેનો વ્યાવસાયિક કરાર હશે. વિશ્વના ઘણા દેશોમાં પણ આવી વ્યવસ્થા લાગુ છે, જ્યારે ગ્રાહકો માટે ડિજિટલ પેમેન્ટ સેવાઓ સામાન્ય રીતે વિનામૂલ્યે ઉપલબ્ધ રહે છે.છેલ્લા 10 વર્ષથી બેંકો, પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ, ફિનટેક કંપનીઓ, NPCI અને RBI ટેકનોલોજી, સાયબર સુરક્ષા અને ળોડ રોકવા માટે સતત રોકાણ કરી રહ્યા છે, જેથી UPI દિવસના 24 કલાક અને અઠવાડિયાના 7 દિવસ સુરક્ષિત રીતે કામ કરી રહ્યું છે. વધતા ટ્રાન્ઝેક્શન સાથે આ સુરક્ષા અને નવીનતા જાળવી રાખવા માટે રોકાણ જરૂરી છે.

કહ્યું- કોકરોચ કહેનારાના હાથે ડિગ્રી નથી લેવી...

# CJI સૂર્યકાંતને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રણ પર ભડક્યા વિદ્યાર્થીઓ

**હૈદરાબાદની NALSAR યુનિ.માં આગામી પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે CJI સૂર્યકાંતને આમંત્રિત કરાતા વિવાદ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

હૈદરાબાદની પ્રતિષ્ઠિત નેશનલ એકેડેમી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ (NALSAR) યુનિવર્સિટીમાં આગામી પદવીદાન સમારોહ (કોન્વોકેશનસેરેમની) નેલઈને મોટો વિવાદ ઊભો થયો છે.

યુનિવર્સિટી પ્રશાસન દ્વારા દેશના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતને મુખ્ય અતિથિ (ચીફ ગેસ્ટ) તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે, જેનો ગ્રેજ્યુએટ થઈ રહેલા વિદ્યાર્થીઓના એક જૂથે સખત વિરોધ કર્યો છે. વિદ્યાર્થીઓનો આરોપ છે કે CJI ના તાજેતરના નિવેદનો શૈક્ષણિક સ્વતંત્રતા અને બંધારણીય જવાબદારીના મૂલ્યોની વિરુદ્ધ છે.

વર્ષ ૨૦૨૬ના બેચના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર, રજિસ્ટ્રાર, ફેકલ્ટી અને પ્રશાસનને એક પત્ર લખીને આ નિર્ણય પર તાત્કાલિક પુનર્વિચાર કરવાની માંગ કરી છે.

વિદ્યાર્થીઓનું માનવું છે કે, અદાલતના તાજેતરના કેટલાક વલણો અને નિવેદનોથી વિદ્યાર્થીઓ અને યુવાનો પ્રત્યે તેમની ઉદાસીનતા છતી થઈ છે.

યુનિવર્સિટી પ્રશાસનને મોકલેલા પત્રમાં વિદ્યાર્થીઓએ વિરોધ નોંધાવતા લખ્યું છે કે, "યુવાનોને વંદો (કોકરોચ) કહેવાથી લઈને પોલીસ બર્બરતાના વીડિયો જોવાનો સમય ન હોવા જેવા અસંવેદનશીલ નિવેદનો આપીને CJI એ અમારા જેવા વિદ્યાર્થીઓ પ્રત્યે અણગમો દર્શાવ્યો છે. આવા સંજોગોમાં તેમને અમારા કોલેજમાં આમંત્રિત કરવા અને તેમના હસ્તે એ ડિગ્રીઓ પ્રાપ્ત કરવી, જે અમારા માટે શૈક્ષણિક અને ભાવનાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે, તે અમને યોગ્ય લાગતું નથી."

વિદ્યાર્થીઓએ વધુમાં વિનંતી કરતા જણાવ્યું છે કે પ્રશાસન CJI ને આપેલા નિમંત્રણ પર ફરીથી વિચાર કરે. તેઓ આશા રાખે છે કે યુનિવર્સિટી આ માંગને માત્ર એક બેચની માંગ ન ગણતા તમામ ગ્રેજ્યુએટ થઈ રહેલા વિદ્યાર્થીઓની એક સાચી અને સામાજિક ચિંતા તરીકે ગણશે.

વિદ્યાર્થીઓનો આ પત્ર સામે આવ્યા બાદ દેશના કાનૂની વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. જોકે, આ વિવાદ અંગે NALSAR યુનિવર્સિટી પ્રશાસન તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન કે પ્રતિક્રિયા સામે આવી નથી.

# મમતા બેનર્જીના કાફલા પર ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો, ટોળાએ ગાડી પર કાદવ-બોટલો અને ચપ્પલ ફેંક્યા

**સ્થિતિ વધુ વણસે તે પહેલાં સુરક્ષા દળોએ મોરચો સંભાળ્યો હતો અને મમતા બેનર્જીને સુરક્ષિત રીતે ત્યાંથી બહાર કાઢ્યા હતા**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૦૯**

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં પૂર્વ મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના નેતા મમતા બેનર્જીના કાફલા પર ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. હલિશહરમાં બનેલી આ ઘટનામાં ટોળાએ મમતા બેનર્જીની ગાડીને ચારેય તરફથી ઘેરી લીધી હતી. આ દરમિયાન ગાડી પર કાદવ, પાણીની બોટલો અને ચપ્પલ ફેંકવામાં આવ્યા હતા.

સ્થિતિ વધુ વણસે તે પહેલાં પોલીસ અને સુરક્ષા દળોએ મોરચો સંભાળ્યો હતો અને મમતા બેનર્જીને સુરક્ષિત રીતે ત્યાંથી બહાર કાઢ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે, મમતા બેનર્જી એક સ્થાનિક TMC કાર્યકર્તાના પરિવારને મળવા જઈ રહ્યા હતા. આ કાર્યકર્તાનું શુક્રવારે પોલીસ કસ્ટડીમાં શંકાસ્પદ સંજોગોમાં મોત થયું હતું. આ ઘટનાને લઈને સ્થાનિક લોકો અને પરિવારજનોમાં પોલીસ સામે ભારે રોષ જોવા મળી રહ્યો હતો. મમતા બેનર્જીનો કાફલો હલિશહર વિસ્તારમાં પહોંચ્યો ત્યારે રસ્તા પર પહેલેથી જ મોટી સંખ્યામાં લોકો વિરોધ કરી રહ્યા હતા. ટોળાએ મમતા બેનર્જીના કાફલાને આગળ વધતો અટકાવ્યો હતો. થોડા જ સમયમાં વિરોધ ઉગ્ર બન્યો અને પ્રદર્શનકારીઓએ મમતા બેનર્જીની ગાડીને ચારેય તરફથી ઘેરી લીધી હતી.

વિરોધ કરી રહેલા ટોળાએ મમતા બેનર્જીની ગાડી પર કાદવ ફેંક્યો હતો. આ ઉપરાંત પાણીની બોટલો અને ચપ્પલ પણ ગાડી તરફ ફેંકવામાં આવ્યા હતા. આ દરમિયાન પ્રદર્શનકારીઓએ મમતા બેનર્જી વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. ઘટનાને પગલે સ્થળ પર તણાવપૂર્ણ સ્થિતિ ઊભી થઈ ગઈ હતી. જોકે, ભીડ વધુ આક્રમક બનતાં જ ઘટનાસ્થળે હાજર પોલીસ અને સુરક્ષા દળોએ સ્થિતિ સંભાળી હતી. સુરક્ષાકર્મીઓએ મમતા બેનર્જીની ગાડીની આસપાસ સુરક્ષા કવચ બનાવ્યું હતું અને તેમને તણાવપૂર્ણ વિસ્તારમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

આ ઘટનાને લઈને મમતા બેનર્જીએ પણ નિવેદન આપ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે પોલીસની હાજરીમાં જ કેટલાક અસામાજિક તત્વોએ તેમની ગાડી પર મોટા પથ્થરો ફેંક્યા હતા. મમતા બેનર્જીએ કહ્યું કે, હુમલો એટલો ગંભીર હતો કે જો ગાડીની બારી ખુલ્લી હોત તો તેમનું માથું ફાટી જાત. તેમણે કહ્યું કે, તેમણે પોતાના જીવનમાં આ પ્રકારની ઘટના અગાઉ ક્યારેય જોઈ નથી અને આ બધું પોલીસની હાજરીમાં થયું હોવાનું જણાવ્યું હતું.

મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળની કાયદો-વ્યવસ્થાને લઈને પણ સવાલો ઉઠાવ્યા હતા.

તેમણે પોલીસ પ્રશાસન પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, પોલીસ ભાજપને સુરક્ષા આપી રહી છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે આખરે રાજ્યમાં શું ચાલી રહ્યું છે? મમતા બેનર્જીના આ નિવેદન બાદ ઘટનાને લઈને પશ્ચિમ બંગાળમાં રાજકીય ચર્ચા વધુ તેજ બની છે.

# JPSC પરીક્ષાઓ રદ કરવા સોરેન સરકાર તૈયાર, પરંતુ CBI તપાસનો ઇનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાંચી, તા.૦૯**

ઝારખંડમાં સરકારી ભરતી પરીક્ષાઓમાં ગડબડીઓને લઈને વિદ્યાર્થીઓ અને રાજ્ય સરકાર વચ્ચે ચાલી રહેલી મડાગાંઠ ઉકેલાવાનું નામ નથી લઈ રહી. સરકાર અને વિદ્યાર્થી સંગઠનો વચ્ચે પાંચ કલાક સુધી ચાલેલી ત્રીજા તબક્કાની બેઠક પણ સંપૂર્ણ નિષ્ફળ રહી નથી. સરકારે કેટલીક માંગણીઓ સ્વીકારી લીધી છે, પરંતુ મુખ્ય માંગણીઓ પર સહમતી બની શકી નથી.

૧૪મી JPSC PT (રેગ્યૂલર અને બેકલોગ) પરીક્ષા રદ કરવામાં આવશે. ACF પરીક્ષા રદ થશે. FRO પરીક્ષાની તપાસ થશે અને ગડબડી જણાશે તો રદ કરાશે. TDPL એજન્સી દ્વારા લેવાયેલી તમામ ભરતી પરીક્ષાઓની તપાસ થશે અને ગડબડી જણાશે તો પરીક્ષા રદ થશે. JSSC CGL પરીક્ષાની ફરીથી તપાસ કરવામાં આવશે અને ગડબડી જણાશે તો કાર્યવાહી થશે. JSSCમાં સુધારા (Reforms) માટે સરકાર તૈયાર છે. CBI તપાસ પર સહમતી બની નથી, પરંતુ CID તપાસમાં નાણાકીય ગડબડ સામે આવશે તો ED તપાસ માટે સરકાર તૈયાર છે. સરકાર દ્વારા માત્ર અમુક પરીક્ષાઓ રદ કરવા અને અન્ય માંગો પર તપાસના આશ્વાસનથી વિદ્યાર્થીઓ અસંતુષ્ટ છે. જેથી વિદ્યાર્થીઓએ સોમવારે સવારે ૧૦ વાગ્યે જૂની વિધાનસભાથી નવી વિધાનસભા સુધી રેલી કાઢવાની જાહેરાત કરી છે.

બીજી તરફ, મુખ્યમંત્રી હેમંત સોરેને નિવેદન આપતા જણાવ્યું છે કે, યુવાનોને ગુમરાહ કરવામાં આવી રહ્યા છે. તેમણે ભરોસો આપ્યો હતો કે, દરેક સમસ્યાનો ઉકેલ મંત્રણાથી શક્ય છે, અને ગડબડી કરનારા દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## હમાસ સંપૂર્ણપણે ખતમ ન થાય ત્યાં સુધી સેના પાછી નહીં હટે : નેતન્યાહૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જેરુસાલેમ, તા.૦૯**

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ગાઝાને લઈને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પ્રસ્તાવિત ૧૫-મુદ્દાના બોર્ડ ઓફ પીસ પ્લાનને ફગાવી દીધો છે. નેતન્યાહૂએ જણાવ્યું છે કે, જ્યાં સુધી હમાસ સંપૂર્ણપણે શસ્ત્રો નહીં ફેંકે, ત્યાં સુધી ઈઝરાયલી સેના ગાઝામાંથી પીછેહઠ કરશે નહીં.

હમાસનો ખાતમો જરૂરી: નેતન્યાહૂએ ભારપૂર્વક કહ્યું કે, ઈઝરાયલ હમાસનો વાસ્તવિક અને સંપૂર્ણ અંત ઈચ્છે છે. માત્ર દેખાવ પૂરતું આતંકવાદી સંગઠનને નબળું પાડવાથી સમસ્યાનો ઉકેલ નહીં આવે.

અમેરિકા સાથે વાટાઘાટો ચાલુ: તેમણે ઉમેર્યું કે, આ મુદ્દે અમેરિકા સાથે ચર્ચા ચાલુ છે. ટ્રમ્પ વહીવટીતંત્રની કેટલીક યોજનાઓ સામે ઈઝરાયલને સંમતિ છે, જ્યારે કેટલીક શરતો સામે વાંધો છે.

અમેરિકાના નેતૃત્વ હેઠળના બોર્ડ ઓફ પીસ ના ડિરેક્ટર નિકોલે મ્લાદેનોવ અને નેતન્યાહૂ વચ્ચેની બેઠક બાદ બોર્ડે પણ જણાવ્યું હતું કે, ગાઝામાંથી ઈઝરાયલી સેના ત્યારે જ પાછી હટશે, જ્યારે હમાસના તમામ શસ્ત્રો જપ્ત કરી લેવામાં આવશે.

# બારામતી એરપોર્ટ પર એક ખાનગી કંપનીનું ટ્રેની વિમાન ક્રેશ

**અકસ્માતમાં કોઈનું મોત થયું નથી, વિમાનને થોડું નુકસાન**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પુણે, તા.૦૯**

પુણેના બારામતી એરપોર્ટ પર એક ખાનગી કંપનીનું ટ્રેની વિમાન ક્રેશ થયું હતું. લગભગ સાત મહિના પહેલા, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું પ્લેનની પણ અહીં જ દુર્ઘટના થઈ હતી. પ્રારંભિક અહેવાલો અનુસાર, રવિવારે બપોરે લગભગ ૧૨:૩૫ વાગ્યે વિમાન રનવેથી થોડા અંતરે ક્રેશ થયું હતું. સદનસીબે, અકસ્માતમાં કોઈનું મોત થયું નથી, અને વિમાનને થોડું નુકસાન થયું છે.

પુણેના પોલીસ અધિક્ષક સંદીપ સિંહ ગિલે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે વિમાન લેન્ડિંગ દરમિયાન લપસી ગયું હતું. કાર્વર એવિએશન કંપનીના સેસ્ના ૧૭૨ વિમાન (VT SEX)માં સવાર બે મુસાફરોને ગંભીર ઈજાઓ થઈ ન હતી.

નોંધનીય છે કે સાત મહિના પહેલા, ૨૮ જાન્યુઆરીના રોજ, મહારાષ્ટ્રના સ્વર્ગસ્થ નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને અન્ય ચાર સાથીઓનું આ જ હવાઈ પટ્ટી પર વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. તેમનું લિયરજેટ ૪૫ વિમાન લેન્ડિંગના બીજા પ્રયાસ દરમિયાન ક્રેશ થયું હતું. મૃતકોમાં NCP નેતા, તેમના સુરક્ષા અધિકારી, એક સહાયક અને બે ક્રૂ સભ્યો (પાયલોટ-ઈન-કમાન્ડ સુમિત કપૂર અને ફર્સ્ટ ઓફિસર શાંભવી પાઠક)નો સમાવેશ થાય છે.

આ બાબતે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)નો રિપોર્ટ હજુ સુધી જાહેર કરવામાં આવ્યો નથી. એવી અપેક્ષા છે કે તે આવતા વર્ષે જાન્યુઆરી સુધીમાં જાહેર કરવામાં આવશે. જો કે, તાજેતરમાં ક્રેશ થયેલ વિમાન એક અલગ કંપનીનું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, બારામતી એરસ્ટ્રીપ વિસ્તારને અડીને આવેલા ગોજુબાવી ગામ નજીક સવારે ૮:૫૦ વાગ્યે બનેલી આ ઘટના બાદ વિમાનનો એકમાત્ર તાલીમાર્થી પાયલોટ સુરક્ષિત બચી ગયો હતો. આ વિમાન રેડબર્ડ ફ્લાઈટ ટ્રેનિંગ એકેડેમીનું હતું, જે બારામતી એરસ્ટ્રીપ નજીક કાર્યરત છે. કંપનીએ જણાવ્યું હતું કે તેણે ઘટનાની તપાસ શરૂ કરી છે.

સ્પોર્ટ્સ ન્યુઝ

સિરીઝ માટે બાંગ્લાદેશ જશે ટીમ ઈન્ડિયા ?

# BCCIએ તોડ્યું મૌન, હવે સરકારે લેવો પડશે મોટો નિર્ણય

**ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સપ્ટેમ્બરમાં યોજાનારી શ્રેણી અનિશ્ચિત છે : આ અંગે સરકાર શું નિર્ણય લે છે, તેના પર બધાની નજર**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯ :** બાંગ્લાદેશ પ્રવાસ અંગે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સપ્ટેમ્બરમાં યોજાનારી ODI અને T20 શ્રેણી પર હવે મુશ્કેલીમાં નજર આવી રહી છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને આશા છે કે ભારતીય ટીમ શ્રેણી રમવા માટે આવશે. ભારત પ્રવાસ દરમિયાન ત્રણ ODI અને ત્રણ T20 મેચ રમવાનું છે. જોકે, ભારતીય ક્રિકેટ ચાહકોના મનમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે ટીમ ઈન્ડિયા પાડોશી દેશમાં રમવા માટે જશે કે નહીં. હાલમાં BCCI પાસે પણ આનો જવાબ નથી. બાંગ્લાદેશની પ્રવર્તમાન પરિસ્થિતિ અને સુરક્ષા સંબંધિત ચિંતાઓને જોતાં બોર્ડે આખો મામલો ભારત સરકારના વલણ પર છોડી દીધો છે.



BCCIના એક વરિષ્ઠ અધિકારીએ સ્પષ્ટતા કરી કે બોર્ડ આ પ્રવાસ અંગે એકપક્ષીય નિર્ણય લઈ શકે નહીં. મંજૂરી મેળવવા માટે ટૂંક સમયમાં ભારત સરકારનો સંપર્ક કરવામાં આવશે. સરકાર તરફથી લીલી ઝંડી મળ્યા પછી જ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) ઈચ્છે છે કે આ શ્રેણી કોઈપણ કિંમતે યોજાય. આ માટે તેઓએ BCCIને ઔપચારિક રીતે પત્ર લખ્યો છે. બંને દેશોના ક્રિકેટ બોર્ડ એકબીજા સાથે સતત સંપર્કમાં રહે છે. BCBએ ૨૯ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર વચ્ચે આ સફેદ બોલ શ્રેણી (વનડે અને ટી૨૦) માટે એક ચોક્કસ સમયમર્યાદા પણ નક્કી કરી છે. જોકે, હવે નિર્ણય ભારતના વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલયના હાથમાં છે.

ખેલાડીઓની સલામતી ભારતીય ક્રિકેટ બોર્ડ માટે ટોચની પ્રાથમિકતા છે. તેથી જ બોર્ડ સરકારી મંજૂરી વિના એક પણ પગલું આગળ વધારવા માંગતું નથી. સરકાર સાથે પરામર્શ કર્યા પછી જ સ્પષ્ટ થશે કે ભારતીય ખેલાડીઓ ઢાકા જશે કે પ્રવાસ હાલ પૂરતો મુલતવી રાખવામાં આવશે.

જો સરકાર પરવાનગી આપે છે, તો ચાહકો ઓગસ્ટના અંતમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મેચ જોઈ શકે છે. જો કે, સુરક્ષા ચિંતાઓને કારણે મંજૂરી નહીં આપવામાં આવે, તો BCBનું શેડ્યૂલ ખોરવાઈ જવાની શક્યતા છે. આગામી દિવસોમાં સરકારનું વલણ જાહેર થયા પછી પરિસ્થિતિ સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે.

આ શ્રેણી મૂળ ૨૦૨૪માં રમાવાની હતી. જોકે, બાંગ્લાદેશમાં તે સમયે સત્તા પરિવર્તનને કારણે બંને દેશ વચ્ચે રાજકીય તણાવ પેદા થયો હતો. પરિણામે ક્રિકેટ શ્રેણી મુલતવી રાખવામાં આવી હતી. હવે સપ્ટેમ્બર ૨૦૨૬માં શ્રેણી યોજવાનો પ્રસ્તાવ છે, પરંતુ ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (BCCI) અથવા ભારત સરકાર તરફથી અંતિમ મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

રહાણેએ ખોલ્યું મોટું રહસ્ય

# યશસ્વી જયસ્વાલ પર લાગવાનો હતો બેન, ચિઠ્ઠી પણ લખાઈ ગઈ હતી

**જયસ્વાલ ટી. રવિ તેજાને સ્લેજ કરી રહ્યો હતો : અમ્પાયર તરફથી અનેક ચેતવણીઓ છતાં જયસ્વાલ પીછે હટ્યો નહીં**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯ :** યુવા ભારતીય બેટ્સમેન યશસ્વી જયસ્વાલ સતત પોતાના પ્રદર્શનના કારણે ચર્ચામાં રહે છે. ટીમ ઈન્ડિયા માટે ઓપનર તરીકે તેણે પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે અને હાલમાં તે ટીમ સાથે શ્રીલંકાના પ્રવાસે છે. આ વચ્ચે અજિંક્ય રહાણેએ જયસ્વાલ અંગે એક મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે. રહાણેએ જયસ્વાલ સાથે જોડાયેલા ચાર વર્ષ જૂના વિવાદ વિશે ખુલ્લીને વાત કરી અને એક મોટું રહસ્ય ખોલ્યું છે.

૨૦૨૨ દુલીપ ટ્રોફી ફાઈનલ દરમિયાન જયસ્વાલને મેદાનની બહાર મોકલી દેવામાં આવ્યો હતો. આ મુદ્દો સ્લેજિંગથી ઉદ્ભવ્યો હતો, જયસ્વાલ ટી. રવિ તેજાને સ્લેજ કરી રહ્યો હતો. અમ્પાયર તરફથી અનેક ચેતવણીઓ મળવા છતાં જયસ્વાલ પીછે હટ્યો નહીં. જ્યારે પરિસ્થિતિ વધુ વણસી ત્યારે, પશ્ચિમ ઝોનના કેપ્ટન અજિંક્ય રહાણેએ દરમિયાનગીરી કરી અને જયસ્વાલને મેદાન છોડી દેવાનો આદેશ આપ્યો. રહાણેએ એક અગ્રણી અખબાર સાથેના ઈન્ટરવ્યુમાં આ ઘટનાની વિગતો જાહેર કરી. તેણે જણાવ્યું કે જો તેણે જયસ્વાલને મેદાનમાંથી બહાર ન મોકલ્યો હોત, તો ખેલાડી પર પ્રતિબંધ લાગી શક્યો હોત.

તેણે કહ્યું કે, ક્રિકેટમાં સ્લેજિંગ થાય છે અને મારા મતે તે થવું જોઈએ થોડી મજાક જરૂરી છે. પરંતુ તે ક્ષણે, મને લાગ્યું કે પરિસ્થિતિ નિયંત્રણ બહાર થઈ શકે છે. જયસ્વાલને ખરાબ લાગ્યું હશે, પરંતુ એવા કિસ્સાઓ છે જ્યાં ખેલાડીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. મેં પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું અને સમજાયું કે બંને ખેલાડીઓ પોતાનો ગુસ્સો ગુમાવી રહ્યા છે. તે પરિસ્થિતિમાં મારા ખેલાડીને સંભાળવાની જવાબદારી મારી હતી.

રહાણેએ વધુમાં ખુલાસો કર્યો કે મેચ રેફરીએ જયસ્વાલ પર ચાર મેચના બેનની ચિઠ્ઠી પણ તૈયાર કરી લીધી હતી. તેણે કહ્યું કે, મેચ રેફરી ચાર મેચનો પ્રતિબંધ મૂકવા માટે તૈયાર હતા. તેમણે ચિઠ્ઠી લખી અને મારી પાસે લઈને આવ્યા. તેમણે કહ્યું કે, આ રહી એ ચિઠ્ઠી, પરંતુ તમે જે કર્યું તેના કારણે હું તેને ફાડી રહ્યો છું. તેણે મારી સામે ચિઠ્ઠી ફાડી નાખી અને હું ખુશ હતો કે જયસ્વાલને પ્રતિબંધનો સામનો કરવો પડ્યો નહીં. તે ફાઈનલમાં જયસ્વાલે ૨૯૪ રનની ઈનિંગ રમી હતી.

# ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) દ્વારા E20 પેટ્રોલમાં ભેજ અને ક્લોરાઈડની હાજરીની તપાસ: 500 ppm ક્લોરાઈડ અને ભેજ હોવાના દાવા અમાન્ય ઠર્યા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૦૯**

EBMS (E20 પેટ્રોલ) માં ભેજ અને ક્લોરાઈડ હોવાના તાજેતરના મીડિયા અહેવાલો વચ્ચે, OMCs દ્વારા સમગ્ર EBMS સપ્લાય ચેઈનને આવરી લેતી વધારાની સઘન ચકાસણી કરવામાં આવી હતી. આ તપાસના પરિણામો પુષ્ટિ કરે છે કે બળતણની ગુણવત્તા સતત નિર્ધારિત મર્યાદામાં જળવાઈ રહી છે. કરવામાં આવી રહેલા ચોક્કસ દાવાઓથી વિપરીત, વૈજ્ઞાનિક રીતે ડિઝાઈન કરાયેલા પરીક્ષણો દ્વારા કરવામાં આવેલા વ્યાપક રેન્ડમ ટેસ્ટિંગના આધારે પુરાવા દર્શાવે છે કે બળતણમાં દૂષણ (contamination) અંગે ચિંતા કરવાનું કોઈ કારણ નથી.

OMCs અમારા તમામ આદરણીય ગ્રાહકોને આશ્વાસન આપવા માંગે છે કે અમે બળતણની ગુણવત્તાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીએ છીએ અને વાહનની કામગીરી અથવા ગ્રાહકના વિશ્વાસને સંભવિતપણે અસર કરી શકે તેવા કોઈપણ મુદ્દાને વૈજ્ઞાનિક તપાસ અને સુધારાત્મક પગલાં દ્વારા તાત્કાલિક ઉકેલવામાં આવે છે.

ભારત સરકારે પેટ્રોલમાં બ્લેન્ડિંગ માટે વપરાતા ઈથેનોલ માટે કડક ક્લોરાઈડ સ્પેસિફિકેશન નિર્ધારિત કર્યા છે અને સમગ્ર સપ્લાય ચેઈનમાં પાલન સુનિશ્ચિત કરવા માટે હાઈ-ફ્રિકવન્સી મોનિટરિંગ મિકેનિઝમ સ્થાપિત કર્યું છે. દેશભરમાં રિફાઈનરીઓ, ડિસ્ટિલરીઓ, ડેપો/ટર્મિનલ્સ અને રિટેલ આઉટલેટ્સ સહિત સપ્લાય ચેઈનના બહુવિધ પોઈન્ટ્સ પર ક્લોરાઈડનું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, જે પુષ્ટિ કરે છે કે સમગ્ર સપ્લાય ચેઈન દરમિયાન ગુણવત્તા સતત જાળવવામાં આવે છે.

પહેલેથી જ સ્થાપિત ગુણવત્તા આશ્વાસન પ્રોટોકોલ્સ ઉપરાંત, ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ દરેક રિટેલ આઉટલેટ પર દરરોજ ૮-૧૨ વખત વોટર-ઈનગ્રેસ (પાણીનું પ્રવેશવું) અને ડેન્સિટી (ઘનતા) પરીક્ષણો કરીને સર્વેલન્સને વધુ મજબૂત બનાવ્યું છે. વિવિધ સ્થળોએ મોબાઈલ ફ્યુઅલ ક્વોલિટી ટેસ્ટિંગ લેબોરેટરીઓ પણ તૈનાત કરવામાં આવી છે, જ્યારે ગુણવત્તા આશ્વાસનના ઉચ્ચતમ ધોરણો સુનિશ્ચિત કરવા ફ્યુઅલ લેબોરેટરીઝ દ્વારા પરીક્ષણ પરિણામોનું સ્વતંત્ર રીતે વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.

સપ્લાય ચેઈનમાં આ બહુવિધ પગલાંઓ ધરાવતા ટેસ્ટિંગ પ્રોટોકોલ્સે અમારા ઉચ્ચતમ બળતણ ગુણવત્તા ધોરણોને માન્ય કર્યા છે.

**૧. રિફાઈનરીમાંથી MS (પેટ્રોલ) :** પેટ્રોલમાં વાસ્તવિક ક્લોરાઈડનું સ્તર 1 ppm ની અંદર જ છે : વિવિધ રિફાઈનરીઓમાંથી રેન્ડમ રીતે પસંદ કરાયેલા ૧૦૦ થી વધુ વધારાના પેટ્રોલ સેમ્પલના પરીક્ષણથી પુષ્ટિ મળે છે કે ક્લોરાઈડનું પ્રમાણ સતત ઓછું રહે છે, જેમાં તમામ સેમ્પલ 1 ppm અથવા તેનાથી નીચે નોંધાયા છે. આ ભારતની મજબૂત રિફાઈનિંગ અને ડિસ્પેચ પ્રક્રિયામાં વણાયેલી ગુણવત્તા તપાસની સતત અસરકારકતા દર્શાવે છે.

**૨. ડિસ્ટિલરીમાંથી શુદ્ધ ઈથેનોલ:** ડિસ્ટિલરીઓ દ્વારા સપ્લાય કરાયેલ ઈથેનોલ–જે મુખ્ય બ્લેન્ડિંગ ઘટક છે – તેણે પણ સતત નિર્ધારિત સ્પેસિફિકેશન કરતાં નોંધપાત્ર રીતે નીચે ક્લોરાઈડ સ્તર નોંધાવ્યું છે, જે ઉત્પાદન તબક્કે મજબૂત ગુણવત્તા નિયંત્રણ પદ્ધતિ દર્શાવે છે. OMCs અને CHT ના સભ્યો ધરાવતી એક સમર્પિત ટાસ્ક ફોર્સે છેલ્લા ૧૦ દિવસમાં દેશભરની ૮૦ ડિસ્ટિલરીઓમાંથી ઈથેનોલના સેમ્પલ તપાસ્યા છે અને તમામ સેમ્પલમાં ક્લોરાઈડનું પ્રમાણ 3 ppm કરતાં ઓછું હતું.

**૩. OMCs ના માર્કેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા વિતરિત ઈથેનોલ બ્લેન્ડેડ MS (E20):**

● **ડેપો/ ટેન્ક ટ્રક:** ડેપો અને ટર્મિનલ પર પરીક્ષણ કરાયેલા ઈથેનોલ અને E20 સેમ્પલ નિર્ધારિત ક્લોરાઈડ મર્યાદાઓને પૂર્ણ કરવાનું ચાલુ રાખે છે. આ તબક્કે નિયમિત મોનિટરિંગ સુનિશ્ચિત કરે છે કે બળતણ સ્ટોરેજ અને વિતરણ નેટવર્ક દ્વારા આગળ વધે ત્યારે ગુણવત્તા જળવાઈ રહે. દેશભરના વિવિધ OMC ટર્મિનલ્સમાંથી એકત્રિત કરાયેલા ૮૦ થી વધુ સેમ્પલમાં ક્લોરાઈડનું પ્રમાણ 3 ppm થી ઓછું જોવા મળ્યું હતું.

● **રિટેલ આઉટલેટ્સ (RO):** ૧૦૦૦ થી વધુ સેમ્પલના સઘન મોનિટરિંગ પ્રોગ્રામ હેઠળ, છેલ્લા કેટલાક દિવસોમાં ક્લોરાઈડ સામગ્રી માટે અત્યાર સુધીમાં ૧૬૦ ટેસ્ટ રિપોર્ટ્સનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને તેનું સ્તર ૦-૩ ppm ની શ્રેણીમાં છે, જે સો (૧૦૦) થી વધુ ppm ના દાવાઓથી વિપરીત છે. સર્વેલન્સ સિસ્ટમે માત્ર ચાર અલગ-અલગ કિસ્સાઓની ઓળખ કરી છે જ્યાં ક્લોરાઈડનું ઊંચું સ્તર જોવા મળ્યું હતું. આ કિસ્સાઓમાં સપ્લાય તરત જ સ્થગિત કરવામાં આવી હતી, ત્યારબાદ વિગતવાર રૂટ-કોઝ એનાલિસિસ (મૂળ કારણની તપાસ) કરવામાં આવી હતી અને સપ્લાય પુનઃસ્થાપિત કરતા પહેલા યોગ્ય સુધારાત્મક પગલાં લાગુ કરવામાં આવ્યા હતા.

**૪. પાણીના પ્રવેશ (Water ingress) ની તપાસ:**

લગભગ ૯૦,૦૦૦ રિટેલ આઉટલેટ્સે ભૂગર્ભ સ્ટોરેજ ટેન્કોનું ફરજિયાત નિરીક્ષણ અને મોનિટરિંગ શરૂ કર્યું છે. રિટેલ આઉટલેટ્સ પરની ભૂગર્ભ ટેન્કોનું દરરોજ ૮-૧૨ વખત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે અને અત્યાર સુધી પાણીના પ્રવેશનો કોઈ કિસ્સો પ્રકાશમાં આવ્યો નથી.

ઉપરોક્ત પરીક્ષણોનો કોષ્ટક આંકડાકીય સારાંશ (Tabulated summary) CHT ની અધિકૃત વેબસાઈટ www.cht.gov.in પર ઉપલબ્ધ છે. જેમ જેમ વધુ પરીક્ષણ પરિણામો ઉપલબ્ધ થશે તેમ તેમ તેને અપડેટ કરવામાં આવશે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ગ્રાહકોને ફરીથી આશ્વાસન આપવા માંગે છે કે બળતણની ગુણવત્તા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સમગ્ર સપ્લાય ચેઈનમાં સતત ગુણવત્તા સર્વેલન્સ હાથ ધરવામાં આવે છે, અને જ્યાં પણ કોઈ ખામી જણાશે, ત્યાં તાત્કાલિક અને નિર્ણાયક સુધારાત્મક પગલાં લેવામાં આવશે.

ઉપરોક્ત બાબતો સાથે, ગ્રાહકોએ આત્મવિશ્વાસ સાથે E20 પેટ્રોલનો ઉપયોગ ચાલુ રાખવો જોઈએ, કારણ કે OMC નેટવર્ક દ્વારા સપ્લાય કરાયેલ બળતણ નિર્ધારિત ગુણવત્તા સ્પેસિફિકેશન્સને અનુરૂપ છે અને સપ્લાય ચેઈનના દરેક તબક્કે ગ્રાહકના હિતોનું રક્ષણ કરવા માટે રચાયેલ મજબૂત ગુણવત્તા આશ્વાસન અને મોનિટરિંગ સિસ્ટમ્સ દ્વારા સમર્થિત છે.

### અમેરિકાએ કોઈ નિવેદન બહાર પાડ્યું નથી

# ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા અંગે અમેરિકા સમક્ષ પોતાની મુખ્ય માંગણીઓ મૂકી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તેહરાન, તા.૦૯**

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ જહાજોને નિયમિતપણે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. તાજેતરમાં, સંયુક્ત આરબ અમીરાત (UAE)એ જણાવ્યું હતું કે, તેના એક જહાજને ઈરાની મિસાઈલનો શિકાર બનાવાયું હતું. સૌથી મોટો પ્રશ્ન એ છે કે હોર્મુઝમાં પરિસ્થિતિ ક્યારે અને કેવી રીતે સામાન્ય થશે. તેહરાને હવે આનો જવાબ આપ્યો છે.

ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ ત્યાં સુધી ફરી ખુલશે નહીં જ્યાં સુધી અમેરિકા તેનું વર્તન સુધારે નહીં. કાઉન્સિલે બીજી ઘણી માંગણીઓ પણ કરી હતી.

ઈરાની અર્ધ-સત્તાવાર મીડિયા અનુસાર, કાઉન્સિલ સેક્રેટરી મોહમ્મદ બાકર જોલ્ઘદરે આ શરતોની યાદી આપતું નિવેદન બહાર પાડ્યું.

**અમેરિકા સામે આ શરતો મુકી:** (૧) અમેરિકા ફરી ક્યારેય ઈરાનને ધમકી આપશે નહીં. (૨) અમેરિકા ઈરાન અને તેના સાથીઓ સાથે યુદ્ધનો કાયમી ત્યાગ કરશે. (૩) અમેરિકાએ ઈરાની બંદરો પરથી નૌકાદળની નાકાબંધી હટાવવી જોઈએ અને વિસ્તારમાંથી તેના દળો પાછા ખેંચવા જોઈએ. (૪) અમેરિકાએ આ યુદ્ધના પરિણામે ઈરાનને થયેલા નુકસાન માટે ઈરાનને વળતર આપવું જોઈએ. (૫)અમેરિકાએ ઈરાન સામેના તમામ પ્રતિબંધો હટાવવા જોઈએ અને કોઈપણ શરત વિના કોઈપણ સ્થિર સંપત્તિ મુક્ત કરવી જોઈએ.

ઈરાનની આ શરતો પર અમેરિકા તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. અમેરિકા શરૂઆતથી જ કહેતું આવ્યું છે કે, હોર્મુઝ સ્ટ્રેટ પર કોઈ કર લાગશે નહીં અને યુદ્ધ પહેલાની સ્થિતિ પુનઃ સ્થાપિત કરવામાં આવશે. જો કે, ઈરાન આ સ્વીકારવા તૈયાર નથી.

હોર્મુઝ સ્ટ્રેટ પર નવા પ્રતિબંધોની શક્યતા વધી ગઈ છે, જે સામાન્ય રીતે યુએસ-ઈરાન યુદ્ધ પહેલા બધા માટે ખુલ્લી હતી, તે વધી ગઈ છે. તેહરાન કહે છે કે તે ઓમાન સાથે મળીને હોર્મુઝ સ્ટ્રેટ પર ફી લગાવવાનો પ્રસ્તાવ મૂકી રહ્યું છે. જો કે, ઓમાને આવા કરનો ઈનકાર કર્યો છે. ઈરાને યુદ્ધ પહેલા ક્યારેય આવો પ્રસ્તાવ મૂક્યો ન હતો, પરંતુ અમેરિકાના હુમલાથી તેને હોર્મુઝ સ્ટ્રેટનો હથિયાર તરીકે ઉપયોગ કરવાની તક મળી છે.

બીજી બાજુ, અમેરિકા અને ઈરાન વચ્ચે સતત વાતચીત ચાલી રહી છે. જો કે, તણાવ પણ સતત વધી રહ્યો છે.

બીજા રાઉન્ડના યુદ્ધ પછી હાલ શાંતિ છે, પરંતુ તણાવને કારણે હોર્મુઝ પર પ્રતિબંધ છે. ઘણા દેશોના જહાજો પર હુમલો થયો છે. આના કારણે વૈશ્વિક ઉર્જા પુરવઠા શૃંખલા પર ખરાબ અસર પડી છે. આની સૌથી મોટી અસર ખાડી દેશો પર પણ પડી છે. આ દેશોનો મોટાભાગનો વેપાર લાલ સમુદ્રના હોર્મુઝ સ્ટ્રેટ અથવા બાબ અલ મંડેબ દ્વારા થાય છે. ઈરાન હોર્મુઝમાં જહાજોને નિશાન બનાવી રહ્યું છે. બીજી તરફ, હુથી બળવાખોરો લાલ સમુદ્રમાં જહાજોને નિશાન બનાવી રહ્યા છે.

# કેન્દ્ર સરકારની મેટાને કડક ચેતવણી : માત્ર ગ્લોબલ પોલિસી નહીં ચાલે, ભારતીય કાયદા માનવા જ પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

મેટાને ભારતમાં પોતાના પ્લેટફોર્મ ચલાવવા માટે માત્ર તેની ગ્લોબલ પોલિસી પર નિર્ભર રહેવાની પરવાનગી આપવામાં આવશે નહીં. તેણે ભારતીય કાયદાઓનું પણ પાલન કરવું પડશે. મેટા અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) વચ્ચે થયેલી બેઠકો બાદ સરકારી સૂત્રોએ આ વાત સ્પષ્ટ કરી છે. જોકે, અધિકારીઓએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે, સરકારે મેટાને તેના એલ્ગોરિધમમાં સંપૂર્ણ ફેરફાર કરવાનો કોઈ નિર્દેશ આપ્યો નથી.

સરકારનો મુખ્ય ભાર એ વાત પર છે કે, મેટાની કન્ટેન્ટ પોલિસી, પ્લેટફોર્મ ગાઈડલાઈન્સ અને મોડરેશન સિસ્ટમ ભારતીય કાયદાઓને અનુરૂપ હોય. અધિકારીઓનું કહેવું છે કે, ભારતમાં કન્ટેન્ટ મોડરેશન માટે સ્થાનિક ઈનપુટ વધારવાની જરૂર છે. ખાસ કરીને ભારતીય ભાષાઓ અને સાંસ્કૃતિક બાબતોને સમજવી જરૂરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિદેશમાં કામ કરતી ટીમો ઘણીવાર ભારતના સ્થાનિક અને સાંસ્કૃતિક સંદર્ભને સંપૂર્ણ રીતે સમજી શકતી નથી. તેથી સરકાર મેટા પાસેથી માત્ર ભરોસો નહીં, પરંતુ નક્કર ફેરફારો ઈચ્છે છે.

બાળકોના જાતીય શોષણ સાથે જોડાયેલા કન્ટેન્ટ (CSAM)ને લઈને સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મામલે ઝીરો ટોલરન્સ અને ઝીરો કોમ્પ્રોમાઈઝની નીતિ છે. અધિકારીઓએ જણાવ્યું કે, મેટાના પ્લેટફોર્મ પર આ પ્રકારનું કન્ટેન્ટ હોવું એ ગંભીર નિયમ ભંગ ગણાશે. સરકારે કંપનીને આવા કન્ટેન્ટ સામે નિપટવા માટે વધુ મજબૂત અને સક્રિય પગલાં લેવા જણાવ્યું છે.

સરકારે જાણીતી હસ્તીઓ સાથે જોડાયેલા ડીપફેક વીડિયો અને કન્ટેન્ટ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. અધિકારીઓનું કહેવું છે કે, વેરિફાઈડ હેન્ડલથી પોસ્ટ કરાયેલા કન્ટેન્ટને ખોટી રીતે ડીપફેક માનીને હટાવવું જોઈએ નહીં. સરકાર ઈચ્છે છે કે, આવા સંવેદનશીલ કેસોમાં માત્ર ઓટોમેટેડ સિસ્ટમ પર નિર્ભર રહેવાને બદલે હ્યુમન ઈન ધ લૂપ (માનવ સમીક્ષા) વ્યવસ્થા ઊભી કરવામાં આવે, જેથી કન્ટેન્ટ હટાવતા પહેલા તેની યોગ્ય સમીક્ષા થઈ શકે. બેઠકોમાં મેટાના રેકમેન્ડેશન અને વાયરલ કન્ટેન્ટ સાથે જોડાયેલા એલ્ગોરિધમની પણ તપાસ કરવામાં આવી હતી. સરકારે સવાલ કર્યો કે, યુઝર્સને ઘણીવાર તેમની પસંદગીથી અલગ કન્ટેન્ટ કેમ બતાવવામાં આવે છે? અધિકારીઓએ એ પણ પૂછ્યું કે સિન્થેટિક રીતે તૈયાર કરાયેલા કન્ટેન્ટને એલ્ગોરિધમ દ્વારા પ્રોત્સાહન કેમ મળે છે? સરકારનું કહેવું છે કે, એકવાર કોઈ હાનિકારક કે સિન્થેટિક કન્ટેન્ટની ઓળખ થઈ જાય, પછી તેને આગળ રેકમેન્ડ ન કરવું જોઈએ.

સરકાર ભારતીય કાયદાઓ હેઠળ મેટાના ઈન્ટરમીડિયરી તરીકેના પાલનની પણ તપાસ કરી રહી છે. આમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમ ૭૯ હેઠળ મળતા સેફ હાર્બર સંરક્ષણ સાથે જોડાયેલી શરતો પણ સામેલ છે. હાલમાં ટેકનિકલ સ્તરે વાટાઘાટો ચાલી રહી છે, અને આગામી સપ્તાહે વધુ એક બેઠક યોજાય તેવી શક્યતા છે. સરકારનું લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું છે કે, મેટાનું પ્લેટફોર્મ ભારતીય કાયદાઓ અને ભાષાકીય-સાંસ્કૃતિક જરૂરિયાતો મુજબ કામ કરે.

# કેનેડામાં ભારતીય મહિલાની હત્યા, ૭ મહિના બાદ આરોપી પકડાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ટોરેન્ટો, તા.૦૯**

કેનેડાના ટોરન્ટોમાં મૂળ ભારતની ૩૦ વર્ષીય યુવતી હિમાન્શી ખુરાનાની હત્યાના લગભગ સાત મહિના બાદ પોલીસે તેના નજીકના સાથી ૩૨ વર્ષીય અબ્દુલ ગફૂરીની ધરપકડ કરી છે. આરોપીને શુક્રવારે ટોરન્ટો એરપોર્ટ પરથી પકડવામાં આવ્યો હતો અને તેની સામે ફર્સ્ટ-ડિગ્રી મર્ડરનો આરોપ લાગ્યો છે.

હિમાન્શી ખુરાના ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ટોરન્ટોના સ્ટ્રેચન એવન્યુ અને વેલિંગ્ટન સ્ટ્રીટ વેસ્ટ વિસ્તારમાં આવેલા એક ઘરમાં મૃત હાલતમાં મળી આવી હતી. આ પહેલાં ૧૯ ડિસેમ્બરની રાત્રે લગભગ ૧૦:૪૧ વાગ્યે પોલીસને તે ગુમ થયાની જાણ કરવામાં આવી હતી. બીજા દિવસે સવારે લગભગ ૬:૩૦ વાગ્યે પોલીસે તેનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. તપાસમાં આ ઘટનાને હત્યા ગણાવવામાં આવી હતી.

પોલીસની તપાસ દરમિયાન હિમાન્શી અને અબ્દુલ ગફૂરી વચ્ચે નજીકના સંબંધો હોવાનું સામે આવ્યું હતું. પોલીસ તપાસમાં હિમાન્શી ખુરાનાની હત્યામાં અબ્દુલનો હાથ હોવાનું પણ સામે આવ્યું હતું. ત્યારબાદ પોલીસે અબ્દુલની ધરપકડ માટે વોરંટ જાહેર કર્યું હતું અને ઠેર-ઠેર તેના ફોટા લગાવવામાં આવ્યા હતા. લાંબા સમય સુધી આરોપી ફરાર રહ્યો હતો.

ટોરન્ટો પોલીસે શનિવારે જણાવ્યું કે, અબ્દુલની શુક્રવારે ટોરન્ટો એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી છે. જોકે, પોલીસ દ્વારા એ જણાવવામાં આવ્યું નથી કે અબ્દુલ ૭ મહિનાથી ક્યાં છુપાયેલો હતો. પોલીસે કહ્યું કે, હાલ અબ્દુલની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# મોજતબા ખામેની જીવતા અને સ્વસ્થ, ઈરાની એજન્સીએ જાહેર કર્યો વીડિયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તેહરાન, તા.૦૯**

ઈરાનના નવા સુપ્રિમ લીડર, મોજતબા ખામેની, યુએસ-ઈઝરાયલી હુમલામાં ઘાયલ થયા પછી જાહેરમાં દેખાયા નથી. ખાસ કરીને અહેવાલો બહાર આવ્યા પછી, તેમના પિતાના અંતિમ સંસ્કારમાં તેમની ગેરહાજરી સૂચવે છે કે તેઓ ગંભીર રીતે ઘાયલ છે અને તેમની હાલત ગંભીર છે. વધુમાં, સોશિયલ મીડિયા અને મીડિયા રિપોર્ટ્સમાં મોજતબા જીવિત છે કે નહીં તે અંગે અનેક દાવા કરવામાં આવ્યા હતા.

આવી બધી અટકળો અને અનુમાનનો અંત લાવતા, ઈરાને મોજતબા ખામેનીનો એક જૂનો વીડિયો બહાર પાડ્યો, જે એક મહત્વપૂર્ણ સંકેત આપે છે.

હકીકતમાં, ૭ ઓગસ્ટના રોજ, ઇઝરાયેલી મીડિયાએ અનેક સમાચારો પ્રકાશિત કર્યા, જેનાથી મોજતબાની સ્થિતિ અંગેનો સસ્પેન્સ વધુ ઘેરો બન્યો. આ અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઈરાનના સર્વોચ્ચ નેતા, મોજતબા ખામેનીની સ્થિતિ ગંભીર બનતા તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

મોજતબાની સ્થિતિ વિશે અપ્રમાણિત સમાચારના પગલે, ઈરાનમાં મોજતબાના સમર્થકો નિરાશ થયા હોવાનું કહેવાય છે. આ દરમિયાન, ઈરાનની અર્ધ-સત્તાવાર સમાચાર એજન્સી, મેહરે તેમનો એક જૂનો વીડિયો બહાર પાડ્યો છે. વીડિયોમાં, મોજતબા ખામેનીની તંદુરસ્ત અને સારા દેખાય છે. જો કે, વીડિયોની તારીખ જાહેર કરવામાં આવી નથી.

ઈરાની મીડિયા આઉટલેટ, મેહરે, ઈઝરાયલી મીડિયાના કથનનો સામનો કરવા માટે પહેલીવાર આ વીડિયો બહાર પાડ્યો હોવાનું માનવામાં આવે છે. તે ઈરાની સરકાર દ્વારા સમર્થિત અર્ધ-સત્તાવાર સમાચાર એજન્સી છે અને ઈરાનના ઈસ્લામિક વિકાસ સંગઠન હેઠળ કાર્ય કરે છે. વીડિયો બહાર પાડવાનો હેતુ મોજતબા ખામેનીના સ્વાસ્થ્ય અને ઠેકાણા અંગે વધતી અટકળોને દૂર કરવાનો હોવાનું માનવામાં આવે છે. એવું પણ માનવામાં આવે છે કે મેહરે ઈરાની લોકોને સાંત્વના આપવા અને મોજતબા ખામેનીના નજીકના લોકોને સાંત્વના આપવા માટે આ વીડિયો બહાર પાડ્યો હતો.

શુક્રવારે અગાઉ, ઈઝરાયલી મીડિયાએ દાવો કર્યો હતો કે, ખામેનીની હાલત અત્યંત ગંભીર છે. ચેનલ ૧૪એ ઈરાનની અંદરના સૂત્રોને ટાંકીને આ દાવો કર્યો હતો. આ દરમિયાન, જેરુસલેમ પોસ્ટે ઈરાનવાયર અને ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાનના વહીવટીતંત્રના નજીકના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે, ઈરાની નેતૃત્વમાં તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતા છે.




### પરેશ રાવલ પણ મહત્વની ભૂમિકામાં હશે

# માલામાલ વીકલી ટુમાં રવિના અને પરિણીતિ ચોપડાની એન્ટ્રી




**પરિણીતિએ તેની કારકિર્દીની શરૂઆત ૨૦૧૧માં કોમેડી ફિલ્મ 'લેડીઝ વર્સીસ રિકી બહેલ'થી કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવુડની લોકપ્રિય કોમેડી ફિલ્મ 'માલામાલ વીકલી'નો બીજો ભાગ 'માલામાલ વીકલી ટુ 'બની રહ્યો છે. આ ફિલ્મમાં હિરોઈનો તરીકે રવિના ટંડન અને પરિણીતિ ચોપડાને સાઈન કરી લેવામાં આવી છે. આ ફિલ્મમાં એક મહત્વની ભૂમિકા માટે પરેશ રાવલને પણ સાઈન કરી લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

રવિના અને પરિણીતિ બંને તેમના કોમિક ટાઈમિંગ માટે જાણીતી છે. રવિનાએ તો 'અંદાઝ અપના અપના'થી માંડી હમણાં આવેલી 'વેલકમ ટુ જંગલ'માં પણ કોમેડી કરી છે. જ્યારે પરિણીતિએ તો તેની કારકિર્દીની શરૂઆત જ ૨૦૧૧માં કોમેડી ફિલ્મ 'લેડીઝ વર્સીસ રિકી બહેલ'થી કરી હતી. અન્ય મહત્વની ભૂમિકાઓ માટે કાસ્ટિંગ થઈ રહ્યું છે.

'માલામાલ વીકલી ટુ'નું નિર્દેશન તાજેતરમાં આવેલી 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જીયા'ના નિર્દેશક અમિત જોશીને સોંપવામાં આવ્યું છે.

આ ફિલ્મ 'માલામાલ વીકલી'ની સિક્વલ નથી. પણ પહેલાં ભાગની જેમ લાલચુ ગામડિયાના ટોળાંનો માહોલ જાળવી રાખવામાં આવશે, જે મોટી રકમની લાલચમાં ગમે તે હદે જાય છે. પણ આ વખતે સેટિંગ અને પાત્રો પણ અલગ હશે.

## યાસીન બોનૂ સાથેના ડેટિંગની અફવાઓ પર નોરાએ મૌન તોડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

એક્ટ્રેસ અને ડાન્સર નોરા ફતેહીએ આખરે મોરોક્કન ફૂટબોલર યાસીન બોનૂ (બોનો) સાથે જોડાયેલી ડેટિંગની અફવાઓ પર મૌન તોડ્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓથી બંનેના સંબંધોને લઈને ચર્ચાઓ ચાલી રહી હતી, પરંતુ નોરાએ સ્પષ્ટ કર્યું છે કે બંને માત્ર ખુબ જ સારા મિત્રો છે.

ધ ક્રિસ ફેડ શોમાં વાતચીત દરમિયાન નોરાને યાસીન બોનૂ સાથેના સંબંધ વિશે પૂછવામાં આવ્યું હતું. તેના જવાબમાં તેણે કહ્યું, "એ મારો મિત્ર છે. મને લાગે છે કે એ એક અદ્ભુત વ્યક્તિ છે. એ ખુબ જ સારો માણસ છે અને વિશ્વના શ્રેષ્ઠ ગોલકીપર્સમાંનો એક છે. મને તેના પર ખુબ ગર્વ છે અને હું સતત તેની સિદ્ધિઓની ઉજવણી કરું છું."

તેણે વધુમાં ઉમેર્યું કે, બંને "ખુબ જ સારા મિત્રો" છે. જોકે, શોના સંચાલકો મજાકમાં કહ્યું કે નોરા અને યાસીનની જોડી ખૂબ જ સુંદર લાગે છે. નોરાએ યાસીન બોનૂના સ્વભાવ વિશે પણ ખુલ્લેઆમ વાત કરી હતી. તેણે કહ્યું, "હું એને ઘણા સમયથી ઓળખું છું, પરંતુ છેલ્લા થોડા મહિનાઓમાં અમારી દોસ્તી સારી થઈ ગઈ છે. સાચું કહું તો એ બહુ જ દયાળુ અને નમ્ર વ્યક્તિ છે. તેને સોશિયલ મીડિયાની કોઈ પરવા નથી. તેનું સંપૂર્ણ ધ્યાન પોતાના પ્રદર્શન, રમત, મહેનત અને ટ્રેનિંગ પર હોય છે. તે ખરેખર બહુ જ સારો માણસ છે."

વાતચીત દરમિયાન શોના એક હોસ્ટે મજાકમાં કહ્યું કે, યાસીન વિશે વાત કરતી વખતે નોરા શરમાતી હોય તેવું લાગી રહ્યું હતું. યાસીન બોનૂ, જેને બોનો તરીકે પણ ઓળખવામાં આવે છે, તે મોરોક્કોનો સૌથી સફળ ફૂટબોલર્સમાંનો એક છે. હાલમાં તે સાઉદી પ્રો લીગની ક્લબ અલ હિલાલ અને મોરોક્કોની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમ માટે ગોલકીપર તરીકે રમે છે.

કામની વાત કરીએ તો નોરા ફતેહીએ તાજેતરમાં 'સ્લે ટુ ધ રીધમ' ગીત રિલીઝ કર્યું છે. ઉપરાંત, તે ટૂંક સમયમાં 'કાંચના ૪' દ્વારા તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કરવા જઈ રહી છે.

### ફ્રેન્ડશિપ વીક દરમિયાન ૬ ઑગસ્ટે આ શોર્ટ ફિલ્મ રિલીઝ થઈ

# ઇમ્તિયાઝ અલી અને અનુરાગ કશ્યપ 'બોબી બ્યુટી પાર્લર'માટે એકસાથે આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

લાંબા સમયથી મિત્ર રહેલા અને જાણીતા ફિલ્મકાર ઈમ્તિયાઝ અલી અને અનુરાગ કશ્યપ ફરી એકવાર એક ખાસ પ્રોજેક્ટ માટે સાથે આવ્યા છે. બંને ફ્રેન્ડશિપ વીક નિમિત્તે રજૂ થનારી કમિંગ-ઓફ-એજ શોર્ટ ફિલ્મ 'બોબી બ્યુટી પાર્લર'ના પ્રેઝેન્ટર તરીકે જોડાયા છે. શશ્વત દ્વિવેદી દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ ૬ ઑગસ્ટે યુટ્યુબ પર પ્રીમિયર થઈ છે. 'બોબી બ્યુટી પાર્લર' બાળપણના બે ખાસ મિત્રો ઈલુ અને મનુની લાગણીસભર કહાની રજૂ કરે છે. જીવનની દિશાઓ બદલાઈ જાય તે પહેલાં બંને એક છેલ્લી બપોર સાથે વિતાવે છે. પાડોશના એક બ્યુટી પાર્લરને કેન્દ્રમાં રાખીને આગળ વધતી આ ફિલ્મ કિશોરાવસ્થાની નિર્દોષતા, મિત્રતા, નાનાં ઝઘડા, મસ્તી અને બદલાતા સમયની લાગણીઓને સ્પર્શે છે. આ ફિલ્મ દ્વારા ઈમ્તિયાઝ અલી અને અનુરાગ કશ્યપની સર્જનાત્મક ભાગીદારી પણ ફરી જોવા મળશે. બંનેની મિત્રતા દિલ્હીમાં યુનિવર્સિટીના દિવસોથી ચાલી આવી છે.




હાલમાં અનુરાગ કશ્યપ 'ઓહ શોર્ટ ફિલ્મ્સ' માટે કન્ટેન્ટ ક્યુરેટ કરી રહ્યા છે, જ્યારે ફિલ્મનું નિર્માણ રંજન સિંહે કર્યું છે. ફિલ્મ અંગે ઈમ્તિયાઝ અલીએ કહ્યું, "જીવનની સૌથી યાદગાર ક્ષણો મોટો શોર નથી મચાવતી, પરંતુ આપણા વ્યક્તિત્વનો કાયમી ભાગ બની જાય છે. 'બોબી બ્યુટી પાર્લર' એવી જ ક્ષણોને સુંદર રીતે રજૂ કરે છે.

આ ફિલ્મ જોઈને મને મારું નાનું શહેર, કિશોરાવસ્થાના નિર્ણયો અને મારા મિત્રો યાદ આવી ગયા." અનુરાગ કશ્યપે ફિલ્મને મિત્રતા, સપનાઓ અને મોટા થવાની સફર પર આધારિત હૃદયસ્પર્શી કહાની ગણાવી. તેમણે કહ્યું, "આ ફિલ્મની ખાસ વાત એ છે કે નિર્માતા જાન્હવી અસ્થાનાજ ફિલ્મનું સહ-લેખન પણ કર્યું છે અને કેમેરા પણ સંભાળ્યો છે. દિગ્દર્શક શશ્વત દ્વિવેદી મારી સાથે કામ શરૂ કરનાર વ્યક્તિ છે અને તેમની સફર જોવી મારા માટે ખૂબ જ વ્યક્તિગત અનુભવ રહ્યો છે."

મિત્રતા, યાદો અને જીવનના બદલાતા તબક્કાઓને કેન્દ્રમાં રાખતી 'બોબી બ્યુટી પાર્લર' ફ્રેન્ડશિપ વીક દરમિયાન દર્શકોને ભાવનાત્મક સફર કરાવવાનો પ્રયાસ કરશે.

# ભણસાલીએ ધનુષની પૌરાણિક જંગલ એડવેન્ચર ફિલ્મ માટે કરીનાનો સંપર્ક કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ફિલ્મમેકર સંજય લીલા ભણસાલી અને અભિનેત્રી કરીના કપૂર ખાન વચ્ચે વર્ષોથી ચાલી રહેલા વ્યાવસાયિક મતભેદો હવે સમાપ્ત થવાના સંકેત મળી રહ્યા છે. અહેવાલો મુજબ, ભણસાલીએ પોતાની આગામી ધનુષ અભિનીત પૌરાણિક જંગલ આધારિત ફિલ્મમાં મુખ્ય મહિલા પાત્ર માટે કરીનાનો સંપર્ક કર્યો છે. ભણસાલી અને કરીના વચ્ચેના મતભેદોની શરૂઆત ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં થઈ હતી. તે સમયે કરીનાએ 'દેવદાસ' માટે સ્ક્રીન ટેસ્ટ આપ્યો હતો, પરંતુ બાદમાં આ ભૂમિકા ઐશ્વર્યા રાય બચ્ચનને મળતાં કરીના સાથે છેતરપિંડી થઈ હોય એવું લાગ્યું હતું. ત્યારબાદ તેણે ભણસાલી સાથે ક્યારેય કામ નહીં કરવાનો નિર્ણય લીધો હતો. ત્યારબાદ રામલીલામાં પણ પહેલાં દીપિકાને બદલે કરીનાને કાસ્ટ કરવાના અહેવાલો હતા, અને તેનાં સ્ક્રીન ટેસ્ટ પણ થયા હોવાની ચર્ચા હતી. હવે લગભગ અઢી દાયકા બાદ બંને વચ્ચે સમાધાન થવાની શક્યતા દેખાઈ રહી છે.

ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી ચર્ચાઓ અનુસાર, ભણસાલીએ પોતાની આગામી ફિલ્મમાં ધનુષ જેટલું જ મહત્વ ધરાવતા મહિલા પાત્ર માટે કરીનાનો સંપર્ક કર્યો છે. અહેવાલો મુજબ, કરીનાએ આ પ્રસ્તાવમાં રસ દાખવ્યો છે, પરંતુ હજુ સુધી અંતિમ નિર્ણય લીધો નથી. હાલમાં મહેનતાણું, શૂટિંગની તારીખો અને અન્ય કરાર સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા ચાલી રહી છે. ધનુષ અભિનીત આ ફિલ્મ એક ભવ્ય પૌરાણિક જંગલ એડવેન્ચર તરીકે તૈયાર થઈ રહી છે. ફિલ્મની વાર્તા અને પાત્રો અંગે સંપૂર્ણ ગુપ્તતા જાળવવામાં આવી છે, જોકે સુત્રોના જણાવ્યા મુજબ ફિલ્મની કથા એક હાથીને કેન્દ્રમાં રાખીને આગળ વધે છે. ફિલ્મનું નિર્માણ સંજય લીલા ભણસાલી કરશે, જ્યારે દિગ્દર્શનની જવાબદારી તમિલ ફિલ્મમેકર પી. એસ. મિત્રન સંભાળશે.

'ઈરુંબુ તિરાઈ', 'હીરો' અને 'સરદાર' જેવી ફિલ્મો માટે જાણીતા મિત્રન હાલમાં ફિલ્મના લેખન કાર્યમાં વ્યસ્ત છે. ફિલ્મનું પ્રી-પ્રોડક્શન નવેમ્બરથી શરૂ થવાની અને મુખ્ય શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૭માં શરૂ થવાની યોજના છે. જોકે કરીનાએ હજુ ફિલ્મ સાઈન કરી નથી, પરંતુ જો આ સહયોગ સાકાર થશે તો તે ભણસાલી સાથેની તેની પહેલી ફિલ્મ હશે અને વર્ષોથી ચાલતા વ્યાવસાયિક મતભેદોનો અંત આવશે એવી ચર્ચા છે.

અહેવાલો મુજબ, કરીના રાજ એન્ડ ડીકેની સલમાન ખાન અભિનીત આગામી ફિલ્મ માટે પણ ચર્ચામાં હતી, પરંતુ તે વાતચીત આગળ વધી નથી. કરીના કપૂર ખાન હવે મેઘના ગુલઝાર દિગ્દર્શિત ક્રાઈમ થ્રિલર 'દાયરા'માં જોવા મળશે. જંગલી પિક્ચર્સ નિર્મિત આ ફિલ્મમાં પૃથ્વીરાજ સુકુમારન પણ મહત્વની ભૂમિકામાં છે.

ફિલ્મ ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. બીજી તરફ, સંજય લીલા ભણસાલી હાલમાં પોતાની પિરિયડ રોમેન્ટિક ફિલ્મ 'લવ એન્ડ વોર'ના ફર્સ્ટ લૂકના લોન્ચની તૈયારીમાં છે. રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ અભિનીત આ ફિલ્મનું શૂટિંગ અંતિમ તબક્કામાં છે અને તે ૨૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ રિલીઝ થશે.

### ઉત્સવ કરતા સંવેદના મોટી

# ઉમરગામ તાલુકાના આદિવાસી સમાજનો પ્રેરણાદાયી નિર્ણય

**અતિવૃષ્ટિ અને પૂરની સ્થિતિને પગલે રેલી-મનોરંજનના કાર્યક્રમો રદ્ કરી સાદગીથી ઉજવ્યો 'વિશ્વ આદિવાસી દિવસ': પૂરગ્રસ્તોની મદદ માટે થયા સંકલ્પબદ્ધ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૦૯**

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ઉમરગામ તાલુકા આદિવાસી સમાજ દ્વારા સરીગામ બાયપાસ રોડ સ્થિત ભગવાન બિરસા મુંડા ચોક ખાતે એક અત્યંત સાદગીપૂર્ણ અને સંવેદનશીલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાં પડેલા અતિભારે વરસાદ અને તેના કારણે સર્જાયેલી પૂરની પરિસ્થિતિમાં સ્થાનિક પરિવારોને થયેલા વ્યાપક નુકસાનને ધ્યાનમાં રાખીને સમાજના અગ્રણીઓએ આ વર્ષે રેલી, નાચ-ગાન અને મનોરંજનના તમામ ધામધૂમભર્યા કાર્યક્રમો ટાળવાનો પ્રશંસનીય નિર્ણય લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, આદિવાસી સંસ્કૃતિના મૂળ મૂલ્યો 'જળ, જંગલ અને જમીન' સાથે જોડાયેલા છે, અને સંકટના સમયે સમાજના પીડિત લોકોની પડખે ઊભા રહેવું એજ ભગવાન બિરસા મુંડાના વિચારોને સાચી શ્રદ્ધાંજલિ છે.

આ પ્રસંગે યુવાનોને શિક્ષણ, સંગઠન અને પોતાની પ્રાચીન પરંપરાઓ જાળવી રાખવા આહ્વાન કરવામાં આવ્યું હતું તથા પૂરગ્રસ્ત પરિવારોને શક્ય તમામ મદદ કરવાનો એકસૂર સંકલ્પ લેવાયો હતો.

# દાનહમાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની ખાનવેલના ચૌડા ગ્રાઉન્ડ ખાતે કરાયેલી ભવ્ય ઉજવણી

**દાનહ સાંસદ કલાબેન ડેલકર, સહિત સમાજના સામાજીક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાઃ આદિવાસી સમાજની એકતા, સંસ્કૃતિ અને પરંપરાઓને પેઢીઓ સુધી સુરક્ષિત રાખવાના લીધેલા સંકલ્પ**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૯**

ગુજરાતના વલસાડ અને મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાને અડીને આવેલા કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીના ખાનવેલ ચૌડા ગ્રાઉન્ડ પર 'વિશ્વ આદિવાસી દિવસ' નિમિત્તે સર્વ આદિવાસી સંગઠન દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાનહ સહિત આજુબાજુના પડોશી પ્રદેશના આદિવાસી સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પોતાની પરંપરા, સંસ્કૃતિ અને એકતાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત અતિથિઓના હસ્તે આદિવાસી સમાજની કુળદેવીની વિધિવત પૂજા-અર્ચના કરવામાં આવી હતી અને સમાજ અને પરિવારોની સુખ-સમૃદ્ધિની કામના કરી હતી.

કાર્યક્રમની શરૂઆત પહેલાં ખાનવેલ ચાર રસ્તા પર આવેલ ક્રાંતિકારી ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ એકતા રેલી અને શોભાયાત્રા કાઢવામાં આવી હતી. રેલીમાં પારંપરિક વેશભૂષામાં સામેલ લોકોએ આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓની ઝલક પ્રસ્તૃત કરી હતી. રેલી ખાનવેલ ચાર રસ્તાથી કાર્યક્રમ સ્થળ ચૌડા ગ્રાઉન્ડ પર પહોંચી હતી. જ્યાં આયોજીત કાર્યક્રમમાં દાનહના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકર સહિત સમાજના સામાજીક અગ્રણીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કુળદેવીની પૂજાવિવિધ પૂર્ણ કર્યા બાદ સમારોહની ઔપચારીક શરૂઆત કરી હતી.

આ પ્રસંગે યુવાઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, પારંપરિક નૃત્ય અને આદિવાસી સંસ્કૃતિ સાથે જોડાયેલ કાર્યક્રમ પ્રસ્તુત કર્યા હતા. મંચ પર 'વિશ્વ આદિવાસી દિવસ'ની થીમ ''આદિવાસી પરંપરાઓનું સંરક્ષણ, જીવન અને કલ્યાણની રક્ષાના માધ્યમથી આદિવાસી સમાજની સંસ્કૃતિ અધિકારો અને પરંપરાને સંરક્ષિત કરવાનો'' સંદેશ આપ્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન જય જોહાર, જય આદિવાસીના નારાથી સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. કાર્યક્રમમાં સમાજની એકતા સંસ્કૃતિ અને પરંપરાઓને આવનાર પેઢી સુધી સુરક્ષિત રાખવાના સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે દાનહના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકર સહિત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શ્રી પ્રભુ ટોકીયા, દાનહ જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ શ્રી વિનયભાઈ ગિભલ અને સર્વ સમાજના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં આદિવાસી યુવાઓ, વડિલો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એસ.બી.પી.પી. કો.ઓપરેટિવ બેન્ક લિમિટેડ પારડીની ૯૭મી વાર્ષિક સાધારણ સભા મળી

**વર્ષ ૨૦૨૫-૨૬ બેન્કનો ૧૬.૩૭ કરોડનો ચોખ્ખો નફો, સભાસદોને ૨૦% ડિવિડન્ડ : હવેથી ૫૧% અને ૪૯% એમ બે વિભાગમાં ડીરેક્ટરો વહેંચાયેલા હશે**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૯**

પારડી તથા આજુબાજુના વિસ્તારના લોકોની જીવાદોરી ગણાતી અને પારડીમાં મુખ્ય શાખા ધરાવતી સરદાર ભિલાડવાલા પારડી પીપલ્સ કો.ઓપરેટિવ બેન્ક લિમિટેડના કસ્ટોડિયન શ્રી રાજેશભાઈ રાણા અને મેનેજિંગ ડિરેક્ટર ડો.સિદ્ધાર્થ શુક્લાના અધ્યક્ષ સ્થાને પારડીના મોરારજી દેસાઈ ઓડિટોરિયમ ખાતે ૯૭મી વાર્ષિક સાધારણ સભા મળી હતી.

સરદાર ખાન બહાદુર વિકાજી પીરોજશા ભિલાડવાલા દ્વારા પારડી ખાતે ૧૯૩૦માં શરૂ કરવામાં આવેલ આ બેંક પારડી ઉપરાંત વાપી, ઉદવાડા, પારનેરા જીઆઈડીસી, વાપી, ચણોદ, ચલા, ભિલાડ, વલસાડ અને ધરમપુર મળી કુલ ૧૧જેટલી શાખાઓ ધરાવી રૂા.૪૦,૬૭૩ જેટલા સભાસદો ધરાવતી આ બેંક પારડી તથા આજુબાજુના ગામોની લોકોની જીવાદોરી ગણાય છે જેને લઇ બેંકે ૯૬ વર્ષ પૂર્ણ કરી ૯૭ વર્ષમાં પ્રવેશ કર્યો છે

બેંકના કસ્ટોડિયન શ્રી રાજેશભાઈ રાણાએ ૨૦૨૬ના વર્ષાન્તે બેંકે કરેલ બેન્કિંગ કામકાજનો હિસાબ રજૂ કર્યો હતો અને બેંકનો ૨૦૨૫-૨૬નો ચોખ્ખો નફો ૧૬,૩૭, ૩૪,૬૮૬.૮૮ જેટલો થયો હોવાનું જણાવ્યું હતું અને સાથે સાથે સભાસદોને ૨૦% જેટલું ડિવિડન્ડ આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બેન્ક ઓફ ડિરેક્ટરોમાં નવા નિયમો મુજબ હવેથી ૫૧% ડિરેક્ટરો હિસાબી શાસ્ત્ર, કૃષિ અને ગ્રામીણ, અર્થતંત્ર, બેન્કિંગ,સહકાર, અર્થશાસ્ત્ર, નાણાશાસ્ત્ર, કાયદો અને લઘુ ઉદ્યોગ જેવા ક્ષેત્રે વિશેષ જ્ઞાન ધરાવતા હોવાનું જણાવ્યું હતું.

જ્યારે બાકીના ૪૯% સભ્યો વિશે કોઈ ફોડ પાડવામાં આવ્યો ન હતો. આ ઉપરાંત સર્વાનુમત્તે બેંકની વાર્ષિક સામાન્ય સભા ઓનલાઈન બંધ કરી ફક્ત ફિઝિકલ સભા જ મળશે હોવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બેંકના માજી ડિરેક્ટર અને સભાસદ એવા હેમંતભાઈ ભગતે ડિરેક્ટરોના ૫૧% અને ૪૯% વિશે પ્રશ્ન કર્યો હતો. જ્યારે સભાસદ શ્રી મુકેશભાઈ દેસાઈએ નોમિનેશન ફી બંધ કરવાનું જણાવી દીધી હતું અને બેંકમાં ડિરેક્ટરોની આગામી ચૂંટણી વિશેની કામગીરી વિશે પણ પ્રશ્નો કર્યા હતા. અંતે કસ્ટોડિયાન રાજેશભાઈ રાણાએ સભાસદનો આભાર માની આજની આ સભા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી.

# ધરમપુર તાલુકાની S.G.F.I. શાળાકીય અંડર-૧૪/૧૭/૧૯ સ્પર્ધાઓ વનરાજ કોલેજ ધરમપુર બામટી ખાતે યોજાઈ

**કુલ-૩૨ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમ અને ૧૪ સ્પર્ધાઓમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

સ્પોર્ટ્સ ઓથોરોટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજિત જિલ્લા રમત-શિક્ષણ કેન્દ્ર વલસાડ, જિલ્લા શિક્ષણાધિકારી વલસાડ દ્વારા સંચાલિત ધરમપુર તાલુકાની S.G.F.I.શાળાકીય અંડર-૧૪/૧૭/૧૯ સ્પર્ધાઓ વનરાજ કોલેજ ધરમપુર બામટી ખાતે તા.૩જી ઓગષ્ટથી ૬ઠ્ઠી ઓગષ્ટ દરમિયાન યોજાઈ હતી. જેમાં વોક ટુ ગેધર્સ શ્રી ઉમેદભાઈ દોષી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા નાનીવહીયાળ.તા.ધરમપુરે જુદી જુદી એથ્લેટિક્સ સ્પર્ધાઓ અને વોલીબોલ સ્પર્ધાઓમાં ભાગ લઈ નીચે મુજબની કુલ-૩૨ સ્પર્ધાઓમાં પ્રથમક્રમ અને ૧૪ સ્પર્ધાઓમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

**પ્રથમ ક્રમ : અન્ડર ૧૪,** ૧-ભાઈઓ-૮૦૦મીટર હડલ્સ, ૨-બહેનો -૬૦૦ મીટર દોડ, ૩ બહેનો-૮૦ મીટર વિઘ્ન દોડ, અન્ડર-૧૭ભાઈઓ, ૪-૩૦૦૦ મીટર દોડ, ૫-૧૫૦૦ મીટર દોડ, ૬-૧૧૦ મીટર વિઘ્ન દોડ, ૭-૩૦૦૦ મીટર જલદચાલ, ૮-૪૦૦ મીટર વિઘ્ન દોડ, ૯-વાંસ કુદ, ૧૦-ચક્ર ફેંક ૧૧-હથોડા ફેક અન્ડર- ૧૭ બહેનો, ૧૨-૩૦૦૦ મીટર દોડ, ૧૩-૧૫૦૦ મીટર દોડ, ૧૪-૧૦૦ મીટર વિઘ્ન દોડ, ૧૫-૩૦૦૦ મીટર જલદચાલ, ૧૬-૪૦૦ મીટર વિઘ્ન દોડ, ૧૭-વાંસ કુદ, ૧૮-હથોડા ફેંક, અન્ડર ૧૯ભાઈઓ, ૧૯-૫૦૦૦ મીટર દોડ, ૨૦- ક્રોસ કન્ટ્રી દોડ ૬. કિ.મી.,૨૧-૫૦૦૦ મીટર જલદચાલ, ૨૨-૪૦૦ મીટર વિઘ્ન દોડ, ૨૩-૧૧૦ મીટર વિઘ્ન દોડ, ૨૪-લંગડીફાળકૂદ, અન્ડર-૧૯ બહેનો, ૨૫-૧૫૦૦ મીટર દોડ, ૨૬-૮૦૦ મીટર દોડ, ૨૭-૩૦૦૦ મીટર દોડ, ૨૮-ક્રોસ કન્ટ્રીદોડ ૪ કી.મી.૨૯-લંગડીફાળકૂદ, ૩૦-બરછીફેંક, વોલીબોલ સ્પર્ધા,૩૧-અન્ડર ૧૪ બહેનો,૩૨-અન્ડર ૧૭ બહેનો, એ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે. અને અન્ડર-૧૪,૧૭અને ૧૯ એથ્લેટિક્સ ભાઈઓ બહેનોની કુલ ૧૪ સ્પર્ધાઓ મા બીજો ક્રમ પ્રાપ્ત કરેલ છે. શાળાનું ગૌરવ વધાર્યુ છે. જે બદલ શાળાના આચાર્ય શૈલેશકુમાર આર. પટેલ તથા દક્ષિણ ગુજરાત પછાત વર્ગ સેવા મંડળ સુરતના પ્રમુખ શ્રી નિષિથભાઈ એસ.દેસાઈ. મંત્રી શ્રી દત્તેશભાઈ ભટ્ટ, સહમંત્રી કાંતાબેન પટેલ વાલી મંડળના પ્રમુખ શ્રી દિલીપભાઈ, ઉપાધ્યક્ષ શ્રી કમલેશભાઈ પટેલ વિજેતા વિધાર્થીઓ અને વ્યાયામ શિક્ષિકા શ્રી અમિતાબેન ગામીત અને ટ્રેનર વિજયકુમાર વાનીને અભિનંદન પાઠવી જિલ્લા કક્ષાએ એ વિજેતા થવા શુભેચ્છા પાઠવે છે.

# ઉજ્જૈન દર્શન કરી પરત ફરતા વડોદરાના ૬ યુવકોના ભયાનક અકસ્માતમાં મોતઃ હાઈવે પર રોંગ સાઈડ આવતી ટ્રક સાથે અકસ્માત

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ભોપાલ, તા.૦૯**

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં રવિવારે બપોરે એક ભયાનક માર્ગઅકસ્માત સર્જાયો છે. ધાર-ઉજ્જૈન ફોરલેન પર પંચકવાસા ગામ નજીક સર્જાયેલા આ અકસ્માતમાં વડોદરાથી ઉજ્જૈન મહાકાલના દર્શન કરવા ગયેલા ૬ યુવકોના કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે. જ્યારે એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, તમામ યુવકો ઉજ્જૈન સ્થિત મહાકાલ મંદિરમાં દર્શન કર્યા બાદ મારુતિ ઈકો વાનમાં સવાર થઈને ગુજરાત પરત ફરી રહ્યા હતા. રવિવારે બપોરે આશરે ૧ વાગ્યાની આસાપસ તેમની ઈકો કાર (GJ 17 CK 6134) ધાર-ઉજ્જૈન ફોરલેન પર પંચકવાસા ગામ નજીક પહોંચી હતી. આ દરમિયાન સામેથી આવી રહેલા એક ટ્રક સાથે તેમની કાર જોરદાર અથડાઈ હતી.

પોલીસ અને પ્રત્યક્ષદર્શીઓ પાસેથી મળેલી પ્રાથમિક માહિતી પ્રમાણે, લોખંડ ભરેલો ટ્રક (GJ 39 DB 9248) રોંગ સાઇડમાં આવી રહ્યો હતો. ટ્રકની સ્પીડ પણ ઘણી વધારે હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આ દરમિયાન સામેથી આવી રહેલી ઈકો સાથે ટ્રકની આમને-સામને જોરદાર ટક્કર થઈ હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતા કે ઈકોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. ઈકોમાં સવાર ૬ યુવકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે અન્ય એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. અકસ્માત બાદ ટ્રકનો ડ્રાઈવર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

અકસ્માતની જાણ થતાં જ બદનાવર પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જે બાદ ઈકોમાંથી મૃતદેહો અને ઘાયલ યુવકને બહાર કાઢવા માટે પોલીસ તથા સ્થાનિક ગ્રામજનોએ ભારે મહેનત કરવી પડી હતી. કારની બારીનો કાચ તોડીને અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે બદનાવર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.

અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામ યુવકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમના પોસ્ટમોર્ટમની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસે મૃતકોની ઓળખ કરી તેમના પરિવારજનોનો સંપર્ક કર્યો છે અને ગુજરાતમાં તેમના પરિવારને અકસ્માતની જાણ કરવામાં આવી છે. એકસાથે ૬ યુવકોના મોતના સમાચાર મળતાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પોલીસે ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. પ્રત્યક્ષદર્શીઓ અને પોલીસની માહિતી અનુસાર, બદનાવર-ઉજ્જૈન ફોરલેન હાઈવે પર રોંગ સાઈડમાં લોખંડના સામાનથી ભરેલી ટ્રક ઉજ્જૈન તરફ ઝડપથી આગળ વધી રહી હતી. આ દરમિયાન ગુજરાતના વડોદરાના યુવકની કાર ટ્રક સાથે જોરદાર ટકરાઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે કાર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી અને તેમાં રહેલા ૬ યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. અકસ્માત બાદ ટ્રકચાલક ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM SINGH DEVANSHIKUMARI SUBODHKUMAR TO **DEVANSHI SUBODH SINGH** AS PER DOCUMENT **ADDRESS:** A-608 PRAMUKH MILAM, SAMARVARNI, SILVASSA-396230

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM MUHAMMAD MUSTAFA (OLD NAME) TO **NEW NAME MUSTAFA CHOUDHARY** (NEW NAME). I WILL BE KNOWN BY MY NEW NAME MUSTAFA CHOUDHARY AS PER MY DOCUMENTS.

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

સવારની ચા સાથે તો માત્ર
તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ


# કલેક્ટર નીતિન સાગવનના માર્ગદર્શન હેઠળ નારગોલના દરિયા કિનારે હાથ ધરવામાં આવેલું 'વિરાટ સ્વચ્છતા અભિયાન'

**વરસાદ અને પૂર બાદ નારગોલ દરિયા કિનારે એકત્રિત થયેલો કચરાના જથ્થાને હટાવવા માટે આજરોજ ગ્રામજનો, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેમજ મરીન પોલીસની ટીમ મળી મોટી સંખ્યામાં એક જૂથ થઈ સફાઈ અભિયાન હાથ ધરી 'સ્વચ્છ નારગોલ-સુંદર નારગોલ'નો આપેલો સંદેશ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૦૯**

તાજેતરમાં વરસેલા ભારે વરસાદ અને સર્જાયેલી પુર જેવી સ્થિતિના કારણે નારગોલના દરિયા કિનારે મોટા પ્રમાણમાં કચરો એકઠો થઈ ગયો હતો. આ દરિયાઈ કિનારાને પુન:સ્વચ્છ અને સુંદર બનાવવાના હેતુથી આજરોજ નારગોલ બીચ પર એક વિશેષ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતુ.

વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાનના પ્રેરણાદાયી માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ આ અભિયાન હાથ ધરાયું હતું. જેમાં નારગોલ ગ્રામ પંચાયત, સ્થાનિક ગ્રામજનો, મરીન પોલીસ દળ તેમજ આ વિસ્તારની નારગોલ મુખ્ય પ્રાથમિક શાળા, જલારામ હાઈસ્કૂલ, દક્ષિણા વિદ્યાલય અને ટાટા વાડિયા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને મોટી સંખ્યામાં એકત્રિત થયેલા સ્વચ્છતા અભિયાનકારીઓએ દરિયા કિનારે પથરાયેલો કચરાના ઢગલાને હટાવી યોગ્ય નિકાલ કર્યો હતો. આમ સૌના સામૂહિક શ્રમદાનથી નારગોલનો દરિયા કિનારો સ્વચ્છ અને રમણીય બની ગયો હતો. આ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને દરિયાઈ નિવસનતંત્રની જાળવણીનો સુંદર સંદેશ સમાજ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને પ્રશાસનની આ સંયુક્ત પહેલે સમગ્ર વિસ્તારમાં સ્વચ્છ નારગોલ-સુંદર નારગોલનો પ્રેરણાદાયી સંદેશ ગુંજતો કર્યો છે.

# મોટી ઢોલડુંગરી પ્રાથમિક શાળામાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઈ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

મોટી ઢોલડુંગરી પ્રાથમિક શાળા ખાતે શનિવારના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનો કાર્યક્રમ ઉત્સાહભેર અને ભવ્ય રીતે યોજાયો હતો.





કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય તથા શ્રીફળ વધાવી કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી સમાજની સંસ્કૃતિ, પરંપરા અને ગૌરવને ઉજાગર કરતી વિવિધ આઠ જેટલી કૃતિઓ ડીજેના તાલે નૃત્ય સાથે રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની સુંદર રજૂઆતને ઉપસ્થિત મહાનુભાવો, વાલીઓ અને ગ્રામજનોએ ઉત્સાહભેર વધાવી હતી.

કાર્યક્રમ દરમિયાન માજી ધરમપુર તાલુકા પંચાયત અપક્ષ સદસ્ય તથા આદિવાસી સમાજના અગ્રણી શ્રી કલ્પેશભાઈ પટેલ, ગામના સરપંચશ્રી વિલિયમભાઈ પટેલ તથા એસ.એમ.સી.સભ્યશ્રી ઉમેદભાઈ પટેલ દ્વારા આદિવાસી સમાજના મહાનાયક વીર યોદ્ધા બિરસા મુંડા તથા તાત્યા ભીલના જીવનચરિત્ર અને સમાજ માટેના યોગદાન અંગે પ્રેરણાદાયી વાતો કરવામાં આવી હતી.

આ સાથે મહાનુભાવોએ શાળાની શૈક્ષણિક ગુણવત્તા, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને શિક્ષણના મહત્વ અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ, સારા સંસ્કાર અને શિસ્ત સાથે આગળ વધવા તેમજ શિક્ષણ દ્વારા સમાજ અને દેશના વિકાસમાં યોગદાન આપવા પ્રેરણા આપવામાં આવી હતી.

આ પ્રસંગે માજી ધરમપુર તાલુકા પંચાયત અપક્ષ સદસ્યશ્રી કલ્પેશભાઈ પટેલ, ગામના સરપંચ શ્રી વિલિયમભાઈ પટેલ, પંચાયતના સભ્યશ્રીઓ, એસ.એમ.સી. પરિવાર, ગામના વડીલશ્રીઓ તેમજ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં પોતાની સંસ્કૃતિ, પરંપરા, ઈતિહાસ અને મહાનાયકો પ્રત્યે ગૌરવની ભાવના કેળવાય તથા શિક્ષણના માધ્યમથી નવી પેઢી વિકાસના માર્ગે આગળ વધે તેવો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

અંતમાં, કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ મહાનુભાવો, વાલીઓ, એસ.એમ.સી. પરિવાર, ગ્રામજનો તથા વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સૌએ રાષ્ટ્રગીતનું ગાન કરી રાષ્ટ્રભાવના સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

# દીવના સાઉદવાડી મુખ્ય રસ્તા ઉપર થયેલા ભયાનક અકસ્માતમાં બે યુવાનોના કમકમાટીભર્યા નીપજેલા મોત





**શનિવારની મધ્યરાત્રિના બાઈક ઉપર ફરવા નિકળેલ યુવાનો સાઉદવાડી મુખ્ય રોડ ઉપર ચંદ્રેશ્વર મહાદેવ મંદિર પાસે પાર્ક કરેલી છકડો રિક્ષા સાથે અથડાયા બાદ બંને યુવાનો દીવાલ અને થાંભલા સાથે જોરદાર અથડાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા થયેલા મોત**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૯**

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના સાઉદવાડી મુખ્ય રોડ ઉપર ચંદ્રેશ્વર મહાદેવ મંદિર સામે મોડી રાત્રે ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ દ્વિચક્રી વાહનના અકસ્માતમાં પોરબંદરના બે યુવાનોના કરૂણ મોત નીપજ્યા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, ગુજરાતના પોરબંદરથી છ મિત્રો ફરવા માટે દીવ આવ્યા હતા અને તેઓ મહેશ્વરી હોટેલમાં રોકાયા હતા. તે પૈકી (૧)જય નરસિંહ લોધારી (ઉંમર ૨૬ વર્ષ) અને (૨)યોગેશ છગન ચાવડા (ઉંમર ૩૫ વર્ષ) બે મિત્રો શનિવારની મધ્યરાત્રિના આશરે ૧૨:૩૦ વાગ્યે એક દ્વિચક્રી વાહન લઈને વણાંકબારાથી સાઉદવાડી તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન સાઉદવાડી મુખ્ય રોડ ઉપર ચંદ્રેશ્વર મહાદેવ મંદિર પાસે પાર્ક કરેલી છકડો રિક્ષા સાથે અથડાયા હતા. ત્યારબાદ બંને યુવાનો દીવાલ અને થાંભલા સાથે જોરદાર અથડાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે એક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બીજા યુવાનને સારવાર માટે હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં જ દમ તોડી દીધો હતો.

અકસ્માતની જાણ થતાં બંને યુવાનોને તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે બંનેને મૃત જાહેર કર્યા હતા.

અકસ્મતની જાણ વણાંકબારા કોસ્ટલ પોલીસને થતાં હેડ કોન્સ્ટેબલ શ્રી ધર્મેન્દ્ર લક્ષ્મણ સહિત પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડી રાત્રે સર્જાયેલા આ ગમખ્વાર અકસ્માતને પગલે પોરબંદરથી દીવ ફરવા આવેલા મિત્રો અને પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

# વાપી રાતા રામેશ્વર મહાદેવથી શ્રાવણ મહિનાના પવિત્ર દિવસે સંજાણ મહાદેવ મંદિરે જવા માટેની કાવડયાત્રા નિકળી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

શ્રાવણ મહિનો એટલે પવિત્ર માસનો ગણાય છે, શિવ ભક્તો શ્રાવણ મહિનામાં શિવજીની ઉપાસના અર્ચના કરતા હોય છે. તેથી વાપી છીરી વિસ્તારમાં વસતા શિવભક્તોએ આજે કાવડયાત્રા કાઢી હતી. ઉત્તર ભારતમાં કાવડયાત્રાનો મહિમા ખુબ મોટા પ્રમાણમાં છે. તેથી વાપીમાં વસતા ઉત્તર ભારતીયો પરંપરાગત પ્રત્યેક શ્રાવણ મહિનામાં કાવડયાત્રા કાઢે છે.

છીરી આસપાસ વિસ્તારમાં વસતા ઉત્તર ભારતીયોએ આજે રાતા ખાડી કિનારે આવેલ રામેશ્વર મહાદેવ મંદિરથી કાવડયાત્રા કાઢી હતી. આ કાવડયાત્રા ચાલીને સંજાણ મહાદેવ મંદિરે પહોંચશે. જ્યાં શિવજીની આરતી સેવા પૂજા કરીને જળ ચઢાવી જળાભિષેક કરશે. ઉલ્લેખનીય છે કે, વાપીમાં શાકભાજી માર્કેટના વેપારીઓ પણ મોટી કાવડયાત્રા પ્રત્યેક શ્રાવણ મહિનામાં યોજે છે. તેમની પણ કાવડયાત્રા શ્રાવણમાસમાં નિકળશે.

# વાપી ચલા રેલવે ઓવર બ્રિજની કામગીરીમાં અકસ્માત સર્જાયો: હેવી ક્રેઈનનો ભારે હૂક પાર્ક કરેલી કાર ઉપર પટકાયો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વાપી પૂર્વ-પશ્ચિમ રેલવે ફલાય ઓવર બ્રિજની કામગીરી કાચબા ગતિએ ચાલી રહી છે. જ્યારથી પણ પુલ બનાવવાની કામગીરી શરૂ કરાઈ છે, ત્યારે એક યા બીજા પ્રકારની વિવાદિત બની રહી છે.ગતરોજ ભાવસાર પેટ્રલપંપ સામે પુલની કામગીરી દરમિયાન હેવી ક્રેઈનનો તોતીંગ હુક નીચે પાર્ક કરેલી કાર ઉપર પડ્યો હતો. તેથી કાર દબાઈ હતી.



જોકે કારમાં કોઈ સવાર નહી હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી.

વાપીમાં બની રહેલ રેલવે ઓવરબ્રિજ વાપીના લોકો માટે સગવડ મળે ત્યારે મળશે પણ અગવડોની હારમાળા પુલની કામગીરી સર્જી રહી છે. ક્યારેક પિલ્લર માટે ખોદાયેલ મોટા ખાડાઓમાં વાહનો પટકાવા જેવી ઘટનાઓ સમાંતર ચાલી રહી છે. ગતરોજ તેવી વધુ એક દુર્ઘટના સર્જાઈ હતી. ભાવસાર પેટ્રોલપંપ સામે પુલની કામગીરી માટે આવેલ હેવી ક્રેઈનના તોતીંગ હુક પાર્ક કરેલી કાર ઉપર પડ્યો હતો. જોકે કારમાં કોઈ ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. પરંતુ કામગીરી દરમિયાન સલામતિ વ્યવસ્થાનો તદ્દન અભાવ જોવા મળ્યો હતો.

# વાપી આર.કે.દેસાઈ કોલેજમાં બીએડ વિભાગ દ્વારા વર્ષા ગીત અને છત્રી ડેકોરેશન સ્પર્ધા યોજાઈ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

આજના સ્પર્ધાત્મક યુગમાં શિક્ષકની તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓ પાસે બધીજ આવડત જરૂરી છે. માત્ર પુસ્તકનું જ્ઞાનથી કશું જ થવાનું નથી. તાલીમાર્થીઓમાં પણ શિક્ષણની સાથે સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ જરૂરી છે. તેથી તાલીમાર્થીઓમાં પડેલી સુષુપ્ત શક્તિનો વિકાસ થાય અને તેના ભાગરૂપે આજે 'વર્ષાગીત અને છત્રી ડેકોરેશન' સ્પધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને ખૂબ સરસ વરસાદ આધારિત ગીતો તેમજ છત્રી ડેકોરેશન એજ્યુકેશન થીમ પર તેમજ સર્જનાત્મક શૈલી દ્વારા રજૂ કરવામાં આવ્યા હતાં. વર્ષાગીતમાં પ્રથમ ક્રમે વૈશાલી ગ્રુપ અને બીજા ક્રમે માનસી ગ્રુપ આવ્યા હતા તેમજ છત્રી ડેકોરેશન જેમાં પ્રથમ ક્રમે પ્રેયસી ગ્રુપ બીજા ક્રમે સ્નેહલ ગ્રુપ અને ત્રીજા ક્રમે નિધિ પટેલ આવ્યા હતાં.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પી.ટી.સી. કોલેજના અધ્યાપકો પ્રા.દિપ પટેલ અને પ્રા.કુંજલ ટંડેલે ભૂમિકા અદા કરી હતી અને અંતે આચાર્ય ડો.પ્રીતિ ચૌહાણે આભાર વિધિ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ.સારિકા પટેલ, ડૉ. વિમુખ પટેલ અને પ્રા.સાહીલ કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. સુંદર કાર્યક્રમ કરવા બદલ સંસ્થાના ચેરમેનશ્રી મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ, આચાર્ય ડો. પ્રીતિ ચૌહાણ તેમજ કોલેજના સર્વ અધ્યાપકોએ શુભેચ્છા પાઠવી હતી.

## બાળ સુરક્ષા સૌની જવાબદારી, જાગૃતિ એ જ સાચી સુરક્ષા!''

# આર.એસ.ઝૂનઝૂનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલ, વાપી ખાતે ''પોક્સો જાગૃતિ કાર્યક્રમ'' યોજાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વાપી-ડુંગરા સ્થિત આર.એસ. ઝુનઝુનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તા.૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બાળ સુરક્ષા અને ''પોક્સો અધિનિયમ'' અંગે દોષસિદ્ધિ જાગૃતિ કાર્યક્રમનું આયોજન ડુંગરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી બી.એન.ગોહિલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. જેમા ડુંગરા પોલીસ સ્ટેશનના સબ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે.આર.ચૌટલિયા તેમજ શાળાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નિલેશભાઈ રાઠોડ, ટ્રસ્ટી શ્રી હર્ષ રાઠોડ, શાળાના આચાર્યા સુચિતા ચારી, શિક્ષક ભાઈ-બહેનો અને શાળાના બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમ દરમિયાન પોક્સો કેસ નં.૬૨/૨૦૨૩ (એફઆઈઆર નં.૨૩૨૧/૨૦૨૩, તા.૨૩/૧૦/૨૦૩), જે ડુંગરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ હતો, તેના સંદર્ભમાં થયેલી દોષસિદ્ધિ અને પોક્સો અધિનિયમ હેઠળ આપવામાં આવેલી સજા અંગે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ડુંગરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી બી.એન.ગોહિલ દ્વારા બાળ સુરક્ષા, જાતીય ગુનાઓથી બચાવ, કાયદાકીય જોગવાઈઓ તથા કોઈ અયોગ્ય પરિસ્થિતિ સર્જાય ત્યારે યોગ્ય રીતે મદદ મેળવવા અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં POCSO અધિનિયમ અંગે જાગૃતિ વધારવી, બાળકોને તેમના અધિકારો અને સુરક્ષા અંગે સજાગ બનાવવા તથા બાળ જાતીય શોષણના નિવારણ માટે સુરક્ષિત અને જાગૃત શાળા વાતાવરણનું નિર્માણ કરવાનો હતો.

# વાપી રેલવે સ્ટેશન ઉપર મુસાફરોએ દારૂના બે થેલા ભરી જઈ રહેલા બુટલેગરને ઝડપ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વાપી રેલવે સ્ટેશન ઉપર જાગૃત મુસાફરોએ દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો. ટ્રેન દ્વારા દારૂના બે થેલા લઈને આવેલા બુટલેગરને મુસાફરોએ પ્લેટ ફોર્મ ઉપર દારૂના થેલા ચેક કરી ખાલી કરાવતા અન્ય મુસાફરો પણ ચોંકી ગયા હતા.

ગુજરાતમાં દારૂબંધી હોવાથી દારૂ ઘૂસાડવા માટે બુટલેગરો હાઈવે, રેલવે અને દરિયાઈ માર્ગનો ઉપયોગ કરી દારૂ ઘૂસાડવાનો ગેરકાયદે વેપલો ચલાવી રહ્યા છે. તેમાં રેલવે નિયમિત રાત્રી અને મળસ્કેને ટ્રેનોમાં બિન્દાસ રીતે જીઆઈપી અને રેલવે પોલીસની હેમ નજર હોવાથી હેરાફેરી બેરોકટોક ચાલી ચાલી રહી છે. મુસાફરો તમામ વાતોથી વાકેફ હોય છે પરંતુ કોઈ મગજમારીમાં પડતુ નથી. પરંતુ ગતરોજ મુસાફરોએ વાપી રેલવે સ્ટેશન ઉપર દારૂ હેરાફેરીનો ભાંડો ફોડી નાંખ્યો હતો. પ્લેટફોર્મ ઉપર જ દારૂના બે થેલા ખોલાવ્યા હતા. તેથી દારૂની બાટલીઓ પણ પ્લેટફોર્મ ઉપર વેરાયાના દશ્યો સર્જાયા હતા.

# કપરાડા વાલાવેરી ફાટક પાસેથી ડિગ્રી વગરનો પ્રેક્ટીશ કરતા બોગસ ડોકટરને કપરાડા પોલીસે પકડયો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

કપરાડા ધરમપુર જેવા અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં ડિગ્રી વગર બોગસ પ્રેકટીશ કરતા અવારનવાર ઝડપાતા રહે છે. તેવો વધુ એક બનાવ કપરાડાના વાલાવેરી ફાટક પાસે બન્યો છે. આ વિસ્તારમાં કોઈપણ પ્રમાણિત ડિગ્રી વગર એક બોગસ ડોક્ટરને કપરાડા પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.



પોલીસને મળેલી ચોક્કર બાતમી આધારે કપરાડા પોલીસે વાલાવેરી પાસે રેડ કરી હતી. કાર્યવાહી દરમિયાન અબુધ આદિવાસીઓની સારવાર કરતો બોગસ ડોક્ટરને ઝડપી લીધો હતો. ઝડપાયેલ આરોપી જયકરણ રામચંદ્ર પ્રજાપત પાસે કોઈપણ પ્રમાણિત ડીગ્રી પોલીસને રજૂ કરી શક્યો નહી હોવાથી હાજર ૩૦ હજાર ઉપરાંતની દવાનો જથ્થો મુદ્દામાલ તરીકે જપ્ત કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# વલસાડના પારનેરા ડુંગર પર સ્વચ્છતાનો સંદેશ: જિલ્લા માહિતી કચેરીની ટીમે ચલાવ્યું સફાઈ અભિયાન

**મહાકાળી માતા મંદિર સહિતના સ્થળોએ પાણીની બોટલો, ગુટખાના પડીકા, પ્લાસ્ટિકની થેલીઓ સહિતનો કચરો સાફ કર્યો**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને દર મહિનાના પ્રથમ રવિવારે સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનું જિલ્લા વહીવટી તંત્રને આહવાન કરતા જિલ્લા માહિતી કચેરી દ્વારા રવિવારે વલસાડના ઐતિહાસિક પારનેરા ડુંગર પર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક ઉમેશભાઈ બાવીસાના નેતૃત્વમાં માહિતી ખાતાની ટીમ દ્વારા પારનેરા ડુંગર પર મહાકાળી માતા મંદિર, ચંડીકા, અંબિકા અને નવદુર્ગા માતા મંદિર અને ટેબલ પોઈન્ટ પર સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુ હતું. જેમાં ખાસ કરીને પાણીની બોટલો, પાન માવા ગુટખાના ખાલી પડીકા, પેકેટ ફૂડના પાઉચ, પ્લાસ્ટીકની થેલી, બાળકોના ડાયપર સહિતની ગંદકી ઉઠાવી રળિયામણા પારનેરા ડુંગરને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવા માટે સરાહનીય પ્રયાસ કરાયો હતો.

આમ, પણ પારનેરા ડુંગર ચોમાસાની સિઝનમાં લીલીછમ ચાદર ઓઢી હોય એમ સોહામણો લાગતો હોય છે જેથી પર્યટકો વધુ આકર્ષાતા હોય છે. ત્યારે વલસાડ જિલ્લાની પ્રાચીન ધરોહરને સ્વચ્છ અને સુંદર રાખવાની આપણા સૌની જવાબદારી છે એવો સંદેશ પણ જિલ્લા માહિતી કચેરીની ટીમ દ્વારા આપવામાં આવ્યો હતો.

આ સફાઈ અભિયાનમાં જિલ્લા માહિતી કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર સુનિલ મહેતા, માહિતી મદદનીશ જિજ્ઞેશ સોલંકી અને સલોની પટેલ, ટેકનિકલ આસિસ્ટન્ટ મહેશ પટેલ, ઓપરેટર પ્રફૂલ પટેલ, ફોટોગ્રાફર હિમેશ પટેલ, ડ્રાઈવર યોગેશ પટેલ અને યશ આહિર, સેવક નરેશ આહિર, ધર્મેશ પટેલ, કૃણાલ આહિર અને યામીની પટેલ સહિતનો સ્ટાફ જોડાયો હતો.